કિશોર સત્સંગ

પ્રારંભ

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

સત્સંગ શિક્ષણ શ્રેણીનું પાઠ્યપુસ્તક: ૧

કિશોર સત્સંગ પ્રારંભ

લેખક

કિશોર એમ. દવે

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

September 7, 2016

Updates and release notes

કૃપાકથન

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે સ્થાપેલી અને પોષેલી યુવકપ્રવૃત્તિ ઘણા વેગથી વિસ્તાર પામતી જાય છે. આ યુવકપ્રવૃત્તિમાં જોડાતા યુવકોની આકાંક્ષાઓ અને જ્ઞાનપિપાસાને સંતોષવા અને તેમને ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંત અભિમુખ કરવા બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ અભ્યાસક્રમ નિયત કરેલ છે તેની ક્રમબદ્ધ પુસ્તિકાઓના પ્રકાશનની યોજના સ્વામિનારાયણ અક્ષરપીઠે ઘડી છે.

આ પુસ્તિકાઓ દ્વારા પાઠશાળા ધોરણે સત્સંગનાં બાળકો તથા યુવકોને વ્યવસ્થિત, એકધારું અને શુદ્ધ જ્ઞાન સરળ ભાષામાં આપવાનું વિચાર્યું છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ આદર્શોનાં પાલન અને પ્રચાર માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલ આ સંસ્થા, આ પ્રવૃત્તિ દ્વારા એ આદર્શોનો, સંપ્રદાયની એ ભવ્ય પ્રણાલીનો અને તે દ્વારા મહાન હિંદુ ધર્મની સંસ્કૃતિનો પ્રચાર કરશે.

સ્વામિનારાયણ ભગવાનનો એ દિવ્ય સંદેશ જગતને ખૂણે ખૂણે પહોંચાડવાની આ પ્રવૃત્તિની નેમ છે. જુદી જુદી ભાષાઓમાં આ પુસ્તિકાઓનું પ્રકાશન થાય તે માટે યોજના ઘડી છે. આશા છે કે સંપ્રદાયના અને સંપ્રદાયેતર સૌ ધર્મપ્રેમી મુમુક્ષુઓ આ પ્રવૃત્તિને આવકારશે અને તેમાં તન, મન અને ધનથી સંપૂર્ણ સહયોગ આપશે.

બાળકો તથા યુવકોને પ્રોત્સાહિત કરવા આ પુસ્તિકાઓને આધારે પરીક્ષાઓ લઈ તેમને પ્રમાણપત્રો આપવામાં આવે છે. આ પુસ્તિકા તૈયાર કરવામાં પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, રમેશભાઈ દવે, કિશોરભાઈ દવે તથા જેમણે સહકાર આપ્યો છે તે સૌને રૂડા આશીર્વાદ છે.

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ના
ઘણા જ હેતપૂર્વક
જય શ્રી સ્વામિનારાયણ.

॥ श्री स्वामिनारायणो विजयते ॥

અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,
અમે સૌ શ્રીજીતણાં યુવક, લડીશું શ્રીજીને માટે.
નથી ડરતા નથી કરતા, અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.
અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,
અમારા અક્ષરપુરુષોત્તમ, ગુણાતીત ગાનને ગાઈશું.
અમે સૌ શ્રીજીતણા પુત્રો, અક્ષરે વાસ અમારો છે,
સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે.
જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,
પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી.

ક્રમિકા

કૃપાકથન

૧. ભગવાનની ભેટ

૨. ધૂન

૩. પ્રાર્થના

૪. પરબ્રહ્મ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી

૫. પૂજા

૬. શૂરવીર બાલભક્ત

૭. ગંગામા

૮. અખંડાનંદ સ્વામી

૯. આરતી

૧૦. વીર ભગુજી

૧૧. સામત પટેલ

૧૨. થાળ

૧૩. જોધો ભરવાડ

૧૪. ભાલની બીબડી

૧૫. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી

૧૬. સ્વામીની વાતું

૧૭. શાસ્ત્રીજી મહારાજ

૧૮. ઘરમાં અને શાળામાં વર્તણૂક

૧૯. પૂંજો ડોડિયો

૨૦. નાથ ભક્ત

૨૧. બાળમંડળમાં વર્તણૂંક

૨૨. વિજાપુરનાં વજીબા

૨૩. કીર્તન



૧. ભગવાનની ભેટ

કોઈ પણ માણસ પાંચ મિનિટ નાક બંધ કરીને બેસી રહે તો શું થાય? ગભરામણ. કારણ કે હવા ન મળે તો આપણે ગભરાઈ જઈએ. હવા વગર આપણને એક મિનિટ પણ ન ચાલે. એ હવાની કિંમત શી? કાંઈ જ નહિ, મફત. આપણને ભગવાને એ તદ્દન મફત આપી છે.

એવી જ રીતે આપણને પાણી વગર પણ ન ચાલે. તો તે પણ ભગવાને આપણને મફત આપ્યું છે. નદી, તળાવ, કૂવા બધે જ પાણી મળે.

ભગવાન વરસાદ વરસાવે તેથી પાણી મળે, અનાજ પાકે, કપડાં મળે.

આમ, ભગવાન આપણને હવા, પાણી, ખોરાક, કપડાં - બધું આપે છે. આ ઉપરાંત સૂર્ય, ચંદ્ર, ફળ, ફૂલ, વનસ્પતિ - એવું ઘણું બધું ભગવાને આપણને આપ્યું છે. તેથી આપણે સુખી છીએ.

હવે આપણે આપણા શરીર સામું જોઈએ. આપણને ભગવાને આંખ, નાક, કાન, હાથ, પગ વગેરે કેવાં સુંદર આપ્યાં છે. આપણે કેટલાક લૂલા, લંગડા, આંધળા, બહેરા માણસો જોઈએ છીએ, તેમનું દુઃખ જોઈએ છીએ ત્યારે આપણને એમ થાય છે કે ભગવાને આપણને કેવા સુખી રાખ્યા છે?

ભગવાને આમ આપણા ઉપર ઘણા ઉપકારો કર્યા છે તો આપણે પણ એના બદલામાં તેમને યાદ કરવા જોઈએ. તેમની સેવા કરવી જોઈએ. આપણે ભગવાનને રાજી કેવી રીતે કરી શકીએ?

મંદિરે જવું.

ભગવાનનાં દર્શન કરવાં.

સંતોનાં દર્શન કરવાં.

સંતોની સેવા કરવી, તો ભગવાન રાજી થાય. કેટલાક એમ કહે છે કે નાનપણમાં કાંઈ ભગવાન ન ભજાય. એ કામ તો ઘરડાંનું. પણ એ વાત સાચી નથી. ભક્ત ધ્રુવે નાનપણમાં જ ભગવાનની ભક્તિ કરી. ભક્ત પ્રહ્લાદે પણ નાની ઉંમરે ભગવાન ભજ્યા. મીરાંબાઈ પણ નાનાં હતાં ત્યારથી જ ભગવાનનું ભજન કરતાં હતાં. નાની ઉંમરમાં જે ટેવ પાડીએ તે ટેવ કાયમ રહે છે. નાનપણમાં ભગવાન ન ભજીએ તો ઘરડાં થઈએ ત્યારે પણ ભગવાન ન ભજાય. માટે આપણે આજથી જ ભજનની ટેવ પાડીએ.

૨. ધૂન

રામાયણ લખનાર વાલ્મીકિ ઋષિનું નામ તો તમે સાંભળ્યું હશે. એ પહેલાં લૂંટારા હતા. માણસોને મારે ને તેમનું ધન લૂંટી લે. ખૂબ જ પાપ કરે. એવા પાપી પણ રામનામથી સુધરી ગયા ને મોટા ઋષિ થયા.

અજામિલ પણ ઘણો પાપી હતો. તેને ચાર દીકરા હતા. એક વખત નારદજી તેના ઘરે આવ્યા. નારદજીએ તેને કહ્યું કે, "તું ભગવાનનું નામ લે." પણ અજામિલે ના પાડી. પછી નારદજીએ તેના નાના છોકરાનું નામ 'નારાયણ' પાડ્યું. આથી જ્યારે તે છોકરાને બોલાવે, ત્યારે 'નારાયણ' ભગવાનનું નામ લેવું પડે. તે બહુ પાપી હતો, તેથી મૃત્યુ વખતે તેને યમદૂતો તેડવા આવ્યા. અજામિલ તો ડરી ગયો. પણ એક જ વખત એના છોકરાનું નામ 'નારાયણ' બોલ્યો. યમદૂતો તરત જ ચાલ્યા ગયા અને અજામિલ બચી ગયો. ભગવાનના નામનો કેટલો બધો પ્રતાપ છે!

શ્રીજીમહારાજના વખતમાં જોબનપગી નામનો લૂંટારો હતો. તે લોકોને ધમકાવે ને મારે. કોઈ વખત મારી પણ નાખે. તેની સામે કોઈ ન થઈ શકે. રાજાના સિપાઈ પણ તેનાથી ડરે. એટલે તેને પકડે જ કોણ? લોકોનું ધન, માલ, ખેતર બધું જ લૂંટી લે. એને પણ શ્રીજીમહારાજે સત્સંગી બનાવ્યો ને હાથમાં માળા આપી દીધી. આપણી ખરાબ ટેવો ભજનથી જ દૂર થાય છે. માટે આપણે સૌ ધૂન, ભજન કરીએ.

પણ ભજન કેવી રીતે કરવું? કોનું કરવું?

ભજન કરવા પલાંઠી વાળીને બેસવું. આંખ બંધ કરી ભગવાનને તથા ગુરુને યાદ કરવા. ભગવાન અને ગુરુને સંભારીને ભજન કરવું એનું નામ ધૂન. ભગવાનને તથા ગુરુને યાદ કર્યા વગર ધૂન કરીએ તો તે નકામી જાય. ધૂન કરતાં બીજા વિચારો ન કરવા. ભજન હંમેશાં ભગવાનનું ને તેના ભક્તનું સાથે જ થાય છે. તે કેવી રીતે?

સ્વામી અને નારાયણ.
અક્ષર અને પુરુષોત્તમ.
આત્મા અને પરમાત્મા.
બ્રહ્મ અને પરબ્રહ્મ.

રોજ આ પ્રમાણે આપણે સૌએ ધૂન કરવી.

સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી,
નારાયણ એટલે સહજાનંદ સ્વામી.
અક્ષર એટલે ગુણાતીતાનંદ સ્વામી,
પુરુષોત્તમ એટલે સહજાનંદ સ્વામી.
આત્મા એટલે ગણાતીતાનંદ સ્વામી,
પરમાત્મા એટલે સહજાનંદ સ્વામી.
બ્રહ્મ એટલે ગુણાતીતાનંદ સ્વામી,
પરબ્રહ્મ એટલે સહજાનંદ સ્વામી.

ભજન કોનું કરાય?

ભગવાનનું અને તેમના ઉત્તમ ભક્તનું. એટલે કે સ્વામી અને નારાયણનું.

ભગવાન કોણ? સહજાનંદ સ્વામી.

ભક્ત કોણ? ગુણાતીતાનંદ સ્વામી.

આપણા ગુરુ કોણ? પ્રમુખસ્વામી મહારાજ (સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી)

એમના ગુરુ? સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી (યોગીજી મહારાજ)

એમના ગુરુ? સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી (શાસ્ત્રીજી મહારાજ)

એમના ગુરુ? પ્રાગજી ભક્ત (ભગતજી મહારાજ)

એમના ગુરુ? અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી.

૩. પ્રાર્થના

સહજાનંદ સ્વામી ભગવાન આપણા પિતા છે. આપણે બધાં એમનાં બાળકો છીએ. સારું ખાવાનું, નવાં કપડાં, નવાં પુસ્તકો, કંઈ જોઈતું હોય તો આપણે આપણા પિતાજી પાસે માગીએ છીએ અને પિતાજી આપણને તે બધી સારી વસ્તુઓ લાવી આપે છે; પરંતુ જો આપણને સારી બુદ્ધિ, સારા ગુણો જોઈતા હોય તો તે કોણ આપે? તે બધી વસ્તુઓ ભગવાન પાસે છે. જો ભગવાન પાસે આપણે અંતરથી માગીએ, તો તે આપણને જરૂર સારી બુદ્ધિ, સારા ગુણો આપે. શુદ્ધ હૃદયથી ભગવાન પાસે માગણી કરવી એનું નામ જ પ્રાર્થના. પ્રાર્થના એટલે માગવું. ચાલો, આપણે ભગવાનને પ્રાર્થના કરીએ. પ્રાર્થના કરતી વખતે આપણે પલાંઠીવાળી સ્થિર બેસવું જોઈએ. આંખો બંધ કરી ભગવાનને તથા ગુરુને સંભારવા જોઈએ. બે હાથ જોડી ભગવાનને નમસ્કાર કરવા જોઈએ:

શ્રી હરિ જય જય જય જયકારી... (૨)
અક્ષરધામના ધામી તમે છો,
પુરુષોત્તમ પરબ્રહ્મ હરિ છો,
ભક્તજનોના ભવભય હારી.... શ્રી હરિ.
પ્રગટ હરિ ગુરુ દર્શન આપો,
પ્રભુ તવ નામના જપીએ જાપો,
તવ મૂર્તિ નિત્ય હૃદયે ધારી.... શ્રી હરિ.
સદ્‌બુદ્ધિ સદ્‌ગુણ પ્રભુ આપો,
અભય કર મુજ શિર પર સ્થાપો,
વિઘ્ન સકળને સઘ વિદારી.... શ્રી હરિ.
શાસ્ત્રી મહારાજના ગુણ નિત્ય ગાઉં,
યોગી મહારાજના ગુણ નિત્ય ગાઉં,
પ્રમુખસ્વામીના ગુણ નિત્ય ગાઉં,
તવ ચરણોમાં શીશ નમાવું,
આશિષ-વચન ધો આનંદકારી.... શ્રી હરિ

હે સહજાનંદ સ્વામી! તમે સદા જયકારી છો. તમે અક્ષરધામના માલિક, સ્વામી છો. તમે પુરુષોમાં શ્રેષ્ઠ પુરુષોત્તમ છો. તમે બ્રહ્મથી પર પરબ્રહ્મ છો. તમારા ભક્તોના જન્મમરણનાં દુઃખને તમે દૂર કરો છો.

હે સહજાનંદ સ્વામી! તમે આ પૃથ્વી ઉપર હંમેશાં વિચરો છો માટે મને દર્શન આપો. હે પ્રભુ! અમે તમારું નામ જપીએ છીએ અને તમારી મૂર્તિ હંમેશાં હૃદયમાં ધારીએ છીએ.

હે સહજાનંદ સ્વામી! તમે અમને સારી બુદ્ધિ અને સારા ગુણો આપો. તમારો અભય હાથ અમારા મસ્તક ઉપર મૂકો તેથી અમારી બધી જ બીક, ભય ટળી જાય અને અમારાં વિઘ્નો પણ તરત જ દૂર થાય.

અમે અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજના ગુણ હંમેશાં ગાઇએ છીએ ને તમારાં ચરણોમાં મસ્તક નમાવીએ છીએ. માટે અમને આશીર્વાદ આપો જેથી અમે સુખી થઇએ.

આ પ્રમાણે નિયમિત રીતે ભગવાનની આપણે પ્રાર્થના કરવી જોઇએ, તો ભગવાન જરૂર આપણને સદ્‌બુદ્ધિ અને સદ્‌ગુણો આપે.

૪. પરબ્રહ્મ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી

આપણા ઇષ્ટદેવ સહજાનંદ સ્વામી, જેમને આપણે સ્વામિનારાયણ ભગવાન કહીએ છીએ. તેમના જીવન વિષે આપણે જાણવું જ જોઈએ.

સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ ૯ એટલે કે રામનવમીને દિવસે તેમનો જન્મ ઉત્તર પ્રદેશમાં અયોધ્યા નજીક છપૈયા ગામે એક બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ ધર્મદેવ હતું અને તેમનાં માતાનું નામ ભક્તિદેવી હતું. તેમના મોટાભાઈનું નામ રામપ્રતાપજી અને નાના ભાઈનું નામ ઇચ્છારામજી હતું. તેમનાં માતાપિતા ઘણાં પવિત્ર અને ધર્મપ્રેમી હતાં. અખંડ શ્રીકૃષ્ણભક્તિ કરતાં હતાં. તેમનું બાળપણનું નામ ઘનશ્યામ હતું.

ઘનશ્યામ બાળપણથી જ બહુ ચમત્કારી બાળક હતા. સૌને તે પ્રિય હતા. બાળપણમાં તેમણે ઘણા ચમત્કારો બતાવ્યા હતા. તે ચમત્કારો જોઈને ગામના લોકોને થતું કે આ બાળક ભગવાનનો અવતાર છે. નાની ઉંમરે ઘનશ્યામ તેમના પિતાની સાથે કાશી ગયા અને ત્યાં પંડિતોની સભામાં શાસ્ત્રચર્ચામાં જીત મેળવી. સૌ આ બાળકની બુદ્ધિ જોઈ અચંબો પામ્યા. ઘનશ્યામ સદાય તેમનાં માતાપિતાની આજ્ઞા પાળતા અને આખો દિવસ ભજનભક્તિ કરતા. અયોધ્યામાં તેમનો મુકામ તો મંદિરોમાં જ હોય. ગામગપાટામાં કે રમતગમતમાં બહુ ધ્યાન ન આપતા.

માતાપિતા ધામમાં ગયાં પછી ઘનશ્યામ એક દિવસ ચૂપચાપ ઘરમાંથી નીકળી ગયા. બ્રહ્મચારીનો વેશ ધારીને તેમણે તો વનમાં ફરવા માંડ્યું. સૌ તેમને નીલકંઠ વર્ણી કહેતા. નદી, નાળાં, સરોવર અને જંગલો - બધું પાવન કરતા નીલકંઠ વર્ણી, ન જંગલી પશુથી ડરતા કે ન ટાઢ, તડકો કે વરસાદથી ડરતા. તેમણે જુદે જુદે ઠેકાણે રહેલા અનેક સાધુ-સંન્યાસીઓનું કલ્યાણ કર્યું, દંભી ગુરુઓનો દંભ ખુલ્લો પાડ્યો. હિમાલયમાં તપ કરતા નવ લાખ યોગીઓનો તેમણે મોક્ષ કર્યો. ત્યાંના એક મહાન તપસ્વી ગોપાળયોગી પાસે અષ્ટાંગયોગ શીખ્યા અને તેમનું પણ કલ્યાણ કર્યું.

આખા ભારત દેશમાં ફરીને બધાં જ મઠો, મંદિરો જોતાં જોતાં તેઓ સૌરાષ્ટ્રમાં પધાર્યા. લોજ ગામમાં રામાનંદ સ્વામીનો આશ્રમ હતો. તેમાં મુક્તાનંદ સ્વામી રહેતા હતા. તેમને મળ્યા અને પાંચ પ્રશ્નો પૂછ્યા. મુક્તાનંદ સ્વામીએ પ્રશ્નોના સાચા ઉત્તર આપ્યા. તેથી ત્યાં રહ્યા. રામાનંદ સ્વામી તે વખતે કચ્છ દેશમાં હતા. થોડા વખત પછી રામાનંદ સ્વામી પીપલાણા આવ્યા. અહીં નીલકંઠ બ્રહ્મચારી અને રામાનંદ સ્વામીનો મેળાપ થયો. રામાનંદ સ્વામી કહેતા, “હું તો ડુગડુગી વગાડવાવાળો છું, ખેલ તો આ બ્રહ્મચારી ભજવશે.” તે પછી થોડા વખતમાં રામાનંદ સ્વામીએ તેમને દીક્ષા આપી, સહજાનંદ સ્વામી નામ પાડ્યું. ભક્તો એમને મહારાજ અથવા શ્રીજીમહારાજ કહી બોલાવતા.

રામાનંદ સ્વામીએ તેમના બધા શિષ્યોમાંથી સહજાનંદ સ્વામીને પસંદ કરી પોતાની ગાદી સોંપી. દયાળુ ભગવાને પોતાના ગુરુ પાસે માગી લીધું કે, “તમારા ભક્તને એક વીંછી કરડે તેવું દુઃખ થવાનું હોય તો મને રૂંવાડે રૂંવાડે કરોડ વીંછીનું દુઃખ થાય પણ ભક્તને દુઃખ ન થાય. અને તમારા ભક્તના નસીબમાં રામપત્તર, ભીખ માગવાનું હોય તો તે મને આવે પણ તમારા ભક્ત અન્ન-વસ્ત્રે દુઃખી ન થાય તેવા આશીર્વાદ આપો.” રામાનંદ સ્વામીએ રાજી થઈ એ બંને વરદાન આપ્યાં.

રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી તરત જ શ્રીજીમહારાજે 'સ્વામિનારાયણ' નામનું ભજન શરૂ કરાવ્યું. શ્રીજીમહારાજે ઘણા ચમત્કારો બતાવ્યા. અનેક જીવોને સમાધિ કરાવી. પશુપક્ષીઓને અને પાણીમાંનાં માછલાંઓને પણ સમાધિ કરાવી. સમાધિમાં સૌને પોતાના ભગવાનનાં દર્શન કરાવતા. તેથી સૌ શ્રીજીમહારાજને સર્વોપરી ભગવાન માનવા લાગ્યા. અનેક મુમુક્ષુઓ શ્રીજીમહારાજના પ્રતાપની વાત સાંભળી આખા ભારત દેશમાંથી ખેંચાઈને આવતા. શ્રીજીમહારાજે કેટલાય મોટા સંતો તથા મહંતોને એક જ રાતમાં દીક્ષા આપી પાંચસો પરમહંસો બનાવ્યા. આ બધા જ પરમહંસો ભગવાન સ્વામિનારાયણના ઉપદેશની અને મહિમાની વાતો ગામેગામ કરવા લાગ્યા.

શ્રીજીમહારાજે સમાજસુધારાનાં અનેક કાર્યો કર્યાં. દુકાળ વખતે તેમણે સદાવ્રતો અને અન્નક્ષેત્રો ચાલુ કર્યાં. કૂવા, તળાવ ખોદાવ્યાં. અહિંસક યજ્ઞો શરૂ કરી, હિંસામય યજ્ઞો બંધ કરાવ્યા. અભણ અને ગરીબ પ્રજાને શિક્ષણ આપ્યું. નીચલી કોમોમાં ચાલતા ઘણા ગંદા રિવાજો બંધ કરાવ્યા. સ્ત્રીઓને શિક્ષણ અપાવ્યું.

શ્રીજીમહારાજે આખા ગુજરાતમાં સુંદર મંદિરો બંધાવ્યાં. સંતોને સંસ્કૃત ભણાવી સુંદર પુસ્તકો લખાવ્યાં, જેમાં ઘણું જ્ઞાન ભર્યું છે. સંતોએ ગુજરાતીમાં પણ ઘણાં કીર્તનો લખ્યાં છે. સંતોએ સ્ત્રી અને ધન તો રખાય જ નહિ, એવા કડક નિયમો તેમણે ઘડ્યા. પોતાના સત્સંગીઓ નિયમમાં રહી પોતાનું કલ્યાણ કરે તે માટે તેમણે 'શિક્ષાપત્રી' લખી.

પોતાના બધા જ આશ્રિતોને દર વર્ષે એક મહિનો જૂનાગઢ જઈ ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળવા આજ્ઞા કરી અને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવા કહ્યું. વડતાલ અને અમદાવાદ એ બે દેશમાં ગાદી સ્થાપી. વડતાલમાં મંદિર કરી પોતાની મૂર્તિ પધરાવી. ગઢડામાં દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ ત્રીસ વર્ષ રહ્યા અને અનેક ભક્તોને ખૂબ સુખ આપી, લાખો જીવોનું કલ્યાણ કરી, ગઢડામાં જ સં. ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ને દિવસે તેઓ અંતર્ધાન થયા. આજે ત્યાં તેમના સમાધિસ્થાને સુંદર મંદિર છે.

૫. પૂજા

આપણને રોજ ખાવા જોઇએ છે. કોઇ દિવસ ખાવાનો કંટાળો આવતો નથી. આપણે રોજ નાહીએ છીએ. રોજ સૂઇએ છીએ. આ બધી ક્રિયા જેમ રોજ કરીએ છીએ, તેમ પૂજા પણ રોજ કરવી જોઇએ. સવારના નાહીને પૂજા કર્યા પછી જ બીજું કાંઇ પણ કામ કરાય. પૂજા કર્યા પહેલાં ઘણા લોકો જમતા પણ નથી, નાસ્તો પણ કરતા નથી. અરે, પાણી પણ પીતા નથી. સવારના પૂજા કરવાથી આપણું મન પવિત્ર અને શાંત બને છે. આખો દિવસ આપણને સારા વિચાર આવે છે. સવારના પહોરમાં ભગવાનને યાદ કરવાથી આપણો આખો દિવસ આનંદમાં પસાર થાય છે. અંબરીષ મોટા રાજા હતા. તેમને તો રાજ્યનું ઘણું કામ હોય તો પણ જાતે જ કલાકો સુધી ભગવાનની પૂજા કરતા.

પૂજા કેવી રીતે કરવી તે આપણે જોઇએ. રોજ સવારે વહેલા ઊઠી ભગવાનનું નામ લેવું. વહેલા ઊઠવાની ટેવ પાડવી જ જોઇએ. ઊઠ્યા પછી શૌચ, દાતણ કરી, નાહવા જવું. નાહતી વખતે પણ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એમ નામ લેતાં નાહવું. નાહીને સ્વચ્છ કપડાં પહેરી પૂજા કરવા બેસવું. શ્રીજીમહારાજે પૂજા કરવા માટે સુંદર નિયમો કહ્યા છે. ઉત્તર કે પૂર્વ દિશા તરફ મુખ રાખીને પૂજા કરવા બેસવું. પૂજા કરવા સ્વચ્છ ધોયેલું આસન લઇને જ બેસાય. જ્યાં ત્યાં પૂજા કરવા ન બેસાય.

તે પછી એક સુંદર ધોયેલો રૂમાલ પાથરી તે પર ભગવાનની મૂર્તિ પધરાવવી. પૂજામાં અક્ષરપુરુષોત્તમની એટલે શ્રીજીમહારાજ ને ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિઓ રાખવી. તે સાથે આપણા ગુરુ પૂજ્ય ભગતજી મહારાજ, પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય યોગીજી મહારાજ અને પૂજ્ય નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ)ની મૂર્તિઓ પધરાવવી.

તે પછી ચોખ્ખું પાણી લઇ ચંદન ઉતારી તિલક કરવું ને કંકુનો ચાંદલો કરવો. તે પછી આંખ મીંચીને બે મિનિટ ધ્યાન કરવું. ધ્યાન એટલે ભગવાન અને ગુરુને સંભારવા. ધ્યાન કર્યા પછી ભગવાનને પ્રાર્થના કરી બોલાવવા ને કહેવું: "હે પ્રભુ! તમે પધારીને મારી પૂજા અંગીકાર કરો." આ માટેનો શ્લોક (આહ્વાન-મંત્ર) બોલવો:

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ! હે નાથ! સ્વામિનારાયણ પ્રભો!
ધર્મસૂનો! દયાસિન્ધો! સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥
આગચ્છ! ભગવન્ દેવ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સન્મુખો ભવ ॥

– બોલી ભગવાનને નમન કરવું. તે પછી ભગવાનની મૂર્તિ સામું જોઈ એક ચિત્તે પાંચ માળા ફેરવવી. જમણા હાથની બીજી આંગળી ઉપર માળા રાખી અંગૂઠાથી મણકા ફેરવવા. માળાના એકસો આઠ મણકા. દરેક મણકે 'સ્વામિનારાયણ' નામ લેવું. મેર આવે એટલે અટકવું. એક માળા પૂરી થઈ. મેરથી પાછા વળીને ફરીને મણકા ફેરવવા. એમ પાંચ માળા કરવી. માળા ફેરવતાં બીજું કાંઈ બોલવું નહિ. તે વખતે બીજા વિચારો પણ કરવા નહિ.

ત્યાર બાદ પોતાના આસન પર ઊભા થઈને, બે હાથ ઊંચા કરીને, એક પગે ઊભાં ઊભાં માળા ફેરવવી. શ્રીનીલકંઠ વર્ણીની તપમુદ્રામાં બે કે તેથી વધુ માળા કર્યા બાદ પાંચ પ્રદક્ષિણા કરી, પાંચ દંડવત્ કરવા. તે પછી ભગવાનને પ્રાર્થના કરવી અને કહેવું કે: "હે પ્રભુ! કુસંગ થકી મારી રક્ષા કરજો ને આપને રાજી કરી શકાય એવી મને સદ્‌બુદ્ધિ આપજો જેથી હું સારો સત્સંગી

થાઉં. આપને વિશે મને ખૂબ સ્નેહ થાય એવા આશીર્વાદ આપજો ને પૂજા કરવામાં મારી કાંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો.” એમ પ્રાર્થના કરી આ શ્લોક (વિસર્જન-મંત્ર) બોલવો:

સ્વસ્થાનં ગચ્છ દેવેશ! પૂજામાદાય મામકીમ્ ।
ઇષ્ટકામપ્રસિદ્ધ્યર્થં પુનરાગમનાય ચ ॥

તે પછી શિક્ષાપત્રીના પાંચ શ્લોક વાંચવા ને પછી ભગવાનને પગે લાગી પૂજા સંકેલી લેવી. આ પ્રમાણે નિત્ય પૂજા કરવી, જેથી આપણી બુદ્ધિમાં પ્રકાશ થાય.

૬. શૂરવીર બાલભક્ત

શ્રીજીમહારાજના સંતો સત્સંગ કરાવવા ગામોગામ ફરતા. જામનગર તાબાના એક ગામમાં એવી રીતે સત્સંગ કરાવેલો. તેમાં એક ખેડૂતનો છોકરો પણ વર્તમાન ધરાવી સત્સંગી થયો. આ બાલભક્ત રોજ પૂજા કરે, તિલક-ચાંદલો કરે, મંદિરે જાય અને ભજન, ભક્તિ કરે.

તેના બાપા સત્સંગી ન હતા. તેને આ બધું ન ગમે. તે રોજ પોતાના દીકરાને સ્વામિનારાયણનું નામ લેવાની ના કહે. પણ છોકરો સાચો સત્સંગી હતો. બાપા રોજ સમજાવે. પછી લલચાવે, ધમકાવે અને ક્યારેક મારે પણ ખરા, પણ છોકરો તો ભક્તિમાંથી ડગે જ નહિ.

એક વખત તેના બાપાને બહુ જ ગુસ્સો ચડ્યો. તેણે તેના દીકરાને કહ્યું કે, “હવે તું સ્વામિનારાયણનું નામ લઈશ તો હું તને મારી નાખીશ.”

છોકરો કહે, “ગમે તે થાય, હું તો ભગવાનનું નામ લેવાનું મૂકીશ જ નહિ.”

બાપાએ તો છોકરાને જોતરે બાંધ્યો અને કહ્યું કે, “જો તું સ્વામિનારાયણની કંઠી મૂકી દે, તો તને છોડીશ. નહિ તો ગાડું ઉલાળીને તને મારી નાંખીશ.”

છોકરો તો જરા પણ ડગ્યો નહિ. તેણે કહ્યું કે, “હું સ્વામિનારાયણનું નામ અને કંઠી ક્યારેય નહિ મૂકું. ભલે મોત આવે.”

અને તેના બાપાએ તો સાચે જ ગાડું ઉલાળ્યું. છોકરાને ગળે ફાંસો આવ્યો અને તે ‘સ્વામિનારાયણ, સ્વામિનારાયણ’ બોલતો ધામમાં ગયો.

શ્રીજીમહારાજે ગઢડામાં આ વાત સાંભળી. ત્યારે મહારાજ કહે:

“છોકરો સાચો ભક્ત કહેવાય. પ્રહ્લાદની તો ભગવાને રક્ષા કરી ત્યારે ભક્તિ કરી. જ્યારે આની તો ભગવાને રક્ષા ન કરી તો પણ ભક્તિ કરી, અને તેનો બાપ તો હિરણ્યકશિપુ જેવો કહેવાય.”

માટે ભગવાન આપણી રક્ષા ન કરે કે ગમે તેવાં દુઃખ આવી પડે પણ ભગવાનની ભક્તિ મૂકવી જ નહિ. કંઠી છોડવી જ નહિ. ભગવાનનું નામ મૂકવું જ નહિ. આપણે સૌએ આવા સાચા ભક્ત થવાનું છે.

૭. ગંગામા

અમદાવાદ પાસે જેતલપુર ગામ. આ ગામમાં વિપ્ર ગંગામા રહે. તેઓ આત્માનંદ સ્વામીનાં શિષ્ય હતાં. આત્માનંદ સ્વામીના શિષ્ય રામાનંદ સ્વામી અને રામાનંદ સ્વામીના શિષ્ય સહજાનંદ સ્વામી. શ્રીજીમહારાજ જ્યારે જેતલપુરમાં ગંગામાને ઘરે પધારે, ત્યારે તેઓ કહે, "આવો, ભત્રીજા, દીકરા! પધારો." અને શ્રીજીમહારાજ પણ હેતથી તેમને કહે, "હા, મા! હું આવ્યો."

ગંગામાને શ્રીજીમહારાજ પ્રત્યે પ્રેમ ખરો, પણ સાક્ષાત્ ભગવાન છે એવો ભાવ નહિ. એક વખત રામાનંદ સ્વામીએ ગંગામાને સ્વપ્નમાં દર્શન દીધાં અને કહ્યું, "સહજાનંદ સ્વામી સર્વ અવતારના અવતારી છે. અક્ષરધામના પતિ છે અને હું તો એમની આજ્ઞાથી આવેલો જેમ કોઈ ડુગડુગી વગાડનારો હોય તેમ છું. ખરું કાર્ય કરનાર તો તેઓ છે. તમે તેમને, 'ભત્રીજા, દીકરા,' કહો છો, પણ એમ ન કહેવાય. વળી, અમારી ગાદી, તકિયો જે તમે બાંધી રાખ્યાં છે તે પાથરીને સ્વામીને બેસાડો ને માફી માગો તો અમે તમારી ઉપર રાજી થઈશું. સ્વામી થોડા સમયમાં જ તમારે ત્યાં પધારશે તો તમે એમનું સારું સામૈયું કરજો."

તે પછી થોડા વખતમાં જ ગંગામાને ખબર મળ્યા કે શ્રીજીમહારાજ પધારે છે. ગંગામાએ ગામના સૌ હરિભક્તોને ભેગા કર્યા અને કહ્યું, "મહારાજ પધારે છે માટે શરણાઈ, ઢોલવાળાને બોલાવો ને સામૈયું કરીએ."

ગંગામાએ પોતાની દીકરીને માથે ત્રાંબાનો કળશ અને નારિયેળ મુકાવ્યાં અને પોતે હાથમાં કંકાવટી લીધી. સૌ કીર્તન ગાતાં ગાતાં આગળ ચાલ્યા.

માણકી ઘોડી ઉપર બેસીને મહારાજ જેતલપુર પધાર્યા. જરિયાન વસ્ત્રોમાં મહારાજ બહુ શોભતા હતા. હરિભક્તોએ મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. પૂજન કર્યું. બાઈઓએ સર્વેએ દૂરથી મહારાજને નમસ્કાર કર્યા. વાજતે-ગાજતે મહારાજ પુરમાં પધાર્યા.

ગંગામાને ઘરે મહારાજ સૌ પ્રથમ પધાર્યા. "મહારાજ! આ ઢોલિયા ઉપર ગાદી-તકિયે બિરાજો." ગંગામાએ મહારાજને પ્રાર્થના કરી.

ત્યારે મહારાજ કહે, "પહેલાંની જેમ મને 'ભત્રીજા, દીકરા' કહીને બોલાવો તો ગાદીએ બેસીએ."

"હવે તો હું એમ ન બોલાવું."

"તો અમે પણ ગાદી ઉપર નહિ બેસીએ," મહારાજે પણ સામે હઠ પકડી.

ગંગામા કહે, "હે મહારાજ! આજ સુધી ભૂલથી હું એમ બોલતી હતી પણ મને રામાનંદ સ્વામીએ દર્શન દઈને જ્ઞાન આપ્યું છે તો આપ કૃપા કરી મારા બધા ગુના માફ કરો અને આપ ગાદી ઉપર બિરાજો."

અંતર્યામી ભગવાન બધું જાણતા હતા. હસતાં હસતાં મહારાજ કહે, "તમારા ગુના અમે માફ કરીએ છીએ, પણ તમે 'દીકરા' કહીને બોલાવો છો તે બહુ ગમે છે." પછી મહારાજ ઢોલિયા ઉપર ગાદી-તકિયે બિરાજ્યા. ગંગામાને મહારાજનો ખરેખરો નિશ્ચય થયો.

જેતલપુરમાં ગંગામા મહારાજને માટે સુંદર રસોઈ બનાવતાં અને ભાવથી જમાડતાં. ગંગામાના હાથની રસોઈ મહારાજને બહુ ભાવતી. તેમાં પણ એમણે બનાવેલાં દાળ-ભાત મહારાજ બહુ વખાણતા. મહારાજ જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કરતા, ત્યાં ત્યાં ગંગામા જતાં અને મહારાજ માટે પ્રેમથી રસોઈ બનાવતાં.

ઘણી વાર તો ગંગામા પોતાની સાથે ટોપલામાં સીધું, સામાન, સગડી તૈયાર રાખતાં. મહારાજની સાથે ફરતાં હોય ત્યારે ગંગામા સંઘમાં મહારાજની પાછળ ચાલતાં આવે. માથા ઉપર સળગતી સગડી ને દાળ-ભાત ચડતાં હોય. પછી રસ્તામાં મહારાજ વિસામો લે, સ્નાનાદિક ક્રિયા કરે. એટલી વારમાં ગંગામા રોટલી બનાવી બીજી રસોઈ કરી નાખે અને સુંદર થાળ તૈયાર કરી મહારાજને ભાવથી જમાડે. આવી એમની ઉત્તમ પ્રકારની ભક્તિથી મહારાજ બહુ રાજી થતા.

૮. અખંડાનંદ સ્વામી

શ્રીજીમહારાજની આજ્ઞાથી સંતો દેશ-વિદેશમાં ફરતા અને સત્સંગ કરાવતા. એમને ઘણાં કષ્ટો પણ સહન કરવાં પડતાં. એક સમયે અખંડાનંદ સ્વામી માર્ગમાં એકલા ચાલ્યા જતા હતા. જેવું નામ તેવા જ ગુણ. ગમે તેટલાં કષ્ટોમાં પણ હંમેશાં મહારાજની મૂર્તિનો આનંદ અને મુખમાં મહારાજનું ભજન. એવા એ સાચા સંત હતા.

આગળ જતાં એક જંગલ આવ્યું. જંગલ ઘણું જ ગાઢ. કોઈ માણસ દેખાય નહિ. ચકલું પણ ન ફરકે એવું ભયંકર. થોડે અંદર ગયા ત્યાં સામે વાઘ દેખાયો. સ્વામીએ વિચાર કર્યો: "નક્કી આજે દેહનો અંત આવ્યો સમજો. વાઘ મળ્યો છે. જરૂર ખાઈ જશે. પણ એક દિવસ ભગવાનના ધામમાં જવાનું જ છે તો આજે જ પહોંચી જઈએ અને આ વાઘને પણ મારું શરીર ખોરાક તરીકે કામ આવશે."

જરા પણ ડર્યા વગર સ્વામી તો આગળ ચાલ્યા, પણ ભગવાનને પોતાના ભક્તની હંમેશાં ફિકર રહ્યા કરે છે. પોતાના ભક્તને કષ્ટ થાય તે મહારાજ કેમ સહન કરે?

"હું આત્મા છું, અમર છું, મારે ડરવાનું શેનું? વળી, અખંડાનંદ મારું નામ. મારો આનંદ કોણ લઈ શકે એમ છે?" એમ વિચાર કરતાં સ્વામી વાઘની સામે ગયા. શિકાર સામે આવે પછી વાઘ કાંઈ છોડે? વાઘે પંજો ઉગામ્યો. અખંડાનંદ સ્વામી મહારાજને સંભારતાં અડગ રહ્યા અને વાઘના હૃદયમાં પ્રેરણા થઈ. પંજો નીચે પડ્યો. એકાએક વાઘ જમીન ઉપર આળોટવા લાગ્યો. જાણે સ્વામીના પગમાં પડતો ન હોય! અને પછી ઊભો થઈને જંગલમાં જતો રહ્યો.

૯. આરતી

શ્રીજીમહારાજના ગુરુ રામાનંદ સ્વામી હતા. મુક્તાનંદ સ્વામીના ગુરુ પણ રામાનંદ સ્વામી. રામાનંદ સ્વામી પોતાની ગાદી શ્રીજીમહારાજને સોંપી ધામમાં ગયા. તેમણે પોતાના બધા શિષ્યોને શ્રીજીમહારાજની આજ્ઞામાં રહેવાનું કહ્યું. મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામી પર બહુ જ પ્રેમ. રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી તે બહુ જ ઉદાસ થઈ ગયા, ક્યાંય ચેન પડે નહિ. શ્રીજીમહારાજે વિચાર કર્યો કે મુક્તાનંદ સ્વામીની દિલગીરી ટાળવી.

એક વખત શ્રીજીમહારાજ કાલવાણી ગામમાં હતા. વહેલી સવારે સૌ સંતોને લઈને મહારાજ નદીએ નાહવા જતા હતા. મુક્તાનંદ સ્વામી પાછળ આવતા હતા. ખાખરાના વનમાં મુક્તાનંદ સ્વામી ચાલ્યા જતા હતા. તેમને અચાનક તેજ દેખાયું અને તેમના ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન થયાં. ગુરુને જોઈ મુક્તાનંદ સ્વામીની આંખમાં આંસુ આવી ગયાં. ગુરુને પગે લાગ્યા.

રામાનંદ સ્વામીએ કહ્યું, “તમે દિલગીર કેમ છો? મેં તમને કહ્યું હતું કે હું તો ડુગડુગી વગાડવાવાળો છું, ખેલનો ભજવનાર હવે પછી આવશે. આ શ્રીજીમહારાજ ખેલના ભજવનાર છે, એમને ગુરુ કરીને રાજી કરો તો અમે રાજી થઈશું.” મુક્તાનંદ સ્વામીએ પગે લાગીને આ આજ્ઞા માથે ચડાવી. તેમનો શોક ટળી ગયો અને ખૂબ આનંદ થઈ ગયો.

પછી નદીમાં નાહીને મંદિરે આવ્યા. જાતે ફૂલની માળા બનાવી મહારાજને પહેરાવી ને કહ્યું કે, “તમે તો સદ્‌ગુરુ છો.” એમ કહીને મહારાજના મહિમાનું વર્ણન કરતી સુંદર આરતી બનાવી ને ઘીના દીવાથી મહારાજની આરતી ઉતારી. એ આરતી તે ‘જય સદ્‌ગુરુ સ્વામી.’ ત્યારથી આપણે ત્યાં સૌ એ જ આરતી બોલે છે.

આપણે સૌએ એ આરતી મોઢે કરવી જોઈએ:

જય સદ્‌ગુરુ સ્વામી, જય સદ્‌ગુરુ સ્વામી,
સહજાનંદ દયાળુ (૨), બળવંત બહુનામી. જય૦

ચરણસરોજ તમારાં, વંદું કર જોડી, પ્રભુ (૨)
ચરણે ચિત્ત ધર્યાથી (૨), દુઃખ નાખ્યાં તોડી. જય૦
નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુધારી, પ્રભુ (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨), અગણિત નરનારી. જય૦
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી, પ્રભુ (૨)
અડસઠ તીરથ ચરણે (૨), કોટિ ગયા કાશી. જય૦
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે, પ્રભુ (૨)
કાળ કરમથી છૂટી (૨), કુટુંબ સહિત તરશે. જય૦
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી, પ્રભુ (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨), સુગમ કરી સીધી. જય૦

આરતી પછી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, નીચેના શ્લોક બોલવા:

આવ્યા અક્ષરધામથી અવનિમાં, ઐશ્વર્ય મુક્તો લઇ,
શોભે અક્ષર સાથ સુંદર છબી, લાવણ્ય તેજોમયી;
કર્તા દિવ્ય સદા રહે પ્રગટ જે, સાકાર સર્વોપરી,
સહજાનંદ કૃપાળુને નિત નમું, સર્વાવતારી હરિ. (૧)
જે છે અક્ષરધામ દિવ્ય હરિનું, મુક્તો-હરિ જ્યાં વસે,
માયાપાર કરે અનંત જીવને, જે મોક્ષનું દ્વાર છે;
બ્રહ્માંડો અણુતુલ્ય રોમ દિસતાં, સેવે પરબ્રહ્મને,
એ મૂલાક્ષર મૂર્તિને નમું સદા, ગુણાતીતાનંદને. (૨)
શ્રીમન્નિર્ગુણ-મૂર્તિ સુંદર તનુ, જે જ્ઞાનવાર્તા કથે,
જે સર્વજ્ઞ, સમસ્ત સાધુગુણ છે, માયા થકી મુક્ત છે;
સર્વૈશ્વર્યથી પૂર્ણ, આશ્રિતજનોના દોષ ટાળે સદા,
એવા પ્રાગજી ભક્તરાજ ગુરુને, પ્રેમે નમું સર્વદા. (૩)
જેનું નામ રટ્યા થકી, મલિન સંકલ્પો સમૂળા ગયા,
જેને શરણ થયા પછી, ભવતણા ફેરા વિરામી ગયા;
જેનું ગાન દશો દિશે હરિજનો, ગાયે અતિ હર્ષથી,
એવા યજ્ઞપુરુષદાસ તમને, પાયે નમું પ્રીતથી. (૪)
વાણી અમૃતથી ભરી મધુસમી, સંજીવની લોકમાં,
દૃષ્ટિમાં ભરી દિવ્યતા નીરખતા સુદિવ્ય ભક્તો બધા;
હૈયે હેત ભર્યું મીઠું જનનીશું, ને હાસ્ય મુખે વસ્યું;
તે શ્રી જ્ઞાનજી યોગીરાજ ગુરુને, નિત્યે નમું ભાવશું. (૫)
શોભો સાધુગુણે સદા સરળ ને જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને સ્નેહે જ વંદું અહો! (૬)

શોભે સૌમ્ય મુખારવિંદ હસતું, નેણે અમી વર્ષતાં,
વાણી છે મહિમાભરી મૃદુ વળી, હૈયે હરિ ધારતા;
યોગીરાજ પ્રમુખજી હૃદયથી, જેના ગુણે રીઝતા,
વંદું સંત મહંત સ્વામી ગુરુને, કલ્યાણકારી સદા. (૭)
બ્રહ્મરૂપે શ્રીહરિનાં ચરણમાં અનુરાગીએ,
એવી જ આશિષ દાસભાવે હસ્ત જોડીને માગીએ.

આ પ્રમાણે રોજ સવાર-સાંજ મંદિરમાં અથવા ઘરમંદિરમાં આરતી કરવી.

૧૦. વીર ભગુજી

ભગુજી મહારાજના અંગત સેવક હતા. ખૂબ જ શૂરવીર અને સેવાભાવી. પોતાના ગામગરાસ બધું છોડીને શ્રીજીમહારાજની સેવામાં રહ્યા હતા. મહારાજ જે કામ સોંપે તે કરે. દેખાવમાં નીચા હતા છતાં હિંમતવાન ભારે. દાદાખાચરનાં ખેતરોની સંભાળ રાખવા મહારાજ ભગુજી જેવા બહાદુર પાળાઓ રાખતા. તે વખતે ચોર-લૂંટારાની બીક બહુ. ખેતરનો ઊભો મોલ વાઢી જાય. ભગુજી હોય ત્યાં કોઈની હિંમત ન ચાલે. કોઈ કાઠી કે ગરાસિયો ભગુજીનું નામ પડે કે ભાગે, તેની સામે લડવા કોઈ તૈયાર ન થાય.

ભડલીના દરબાર ભાણખાચરે ભગુજીનું માથું લાવનારને જમીન અને ઇનામ આપવાનું જાહેર કર્યું. પણ સિંહને પકડવા કોણ જાય? કોઈ તૈયાર ન થયું. દૂર સિંધ દેશથી રખેવાળું કરવા આવેલા બે ભાઈઓ ખબડ ને મતારો તૈયાર થયા. ભગુજી ખેતરનું રખેવાળું કરતા હતા ત્યાં હુમલો લઈ આવ્યા.

ભગુજી સામે આવ્યા. ખબડને કહ્યું, "પહેલો ઘા તું કર." ખબડે જોરથી ઘા કર્યો. ભગુજીને જનોઈવઢ ઘા ગયો. ભગુજીએ પોતાનો ઘા કપડાથી બાંધી ખબડને સામે ઘા કરી મારી નાખ્યો. થોડો વખત લડાઈ ચાલી. ભગુજીને અઢાર ઘા વાગ્યા. મતારો જીવ લઈને નાઠો.

ભગુજીના ઘા એવા હતા કે બચે જ નહિ. મહારાજ તેમની રક્ષામાં હતા. મહારાજે વાળંદ પાસે ઘા સાફ કરાવી પાટો બંધાવ્યો. આખા ગામમાં આરતી, ઝાલરો, નગારાં બંધ કરાવ્યાં, કારણ કે એના અવાજથી ભગુજીને શૂરાતન ચડે ને ઊભા થાય તો ટાંકા તૂટી જાય. મહારાજ રોજ ખબર જોવા આવે.

એક વખત વાળંદે કોઈ ન જાણે તેમ ઘામાં કબૂતરની ચરક નાખી અને કોઈએ ઝાલર વગાડી. ઘામાં ખૂબ પીડા ઊપડી. મહારાજને ખબર પડી. મહારાજ દોડતાં આવ્યા. મહારાજ

સમજી ગયા કે કોઈએ દ્વેષથી ભગુજીને મારી નાખવા આ કર્યું છે. મહારાજે પાટો છોડાવી નાખ્યો. વાળંદે કબૂલ કર્યું કે જમીનની લાલચમાં તેણે એમ કર્યું હતું.

મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું કે, "તમે અહીં બેસજો. કાળ આવે તો તેને મારીને ભગાડી મૂકજો. ભગુજીને આપણે નવું જીવન આપવું છે."

થોડા વખતમાં ભગુજી સાજા થઈ ગયા.

ભાવનગરના દરબાર વજેસિંહ બાપુએ ભગુજીની વીરતાની વાત સાંભળી ત્યારે તેમને થયું કે આવા શૂરવીર યોદ્ધા આપણા સૈન્યમાં હોય તો સારું. તેમણે ભગુજીને સન્માન કરવાને બહાને બોલાવીને કહ્યું કે, "તમે મારે ત્યાં નોકરીએ રહો તો મહિને રૂપિયા ત્રણસો ને પાંચસો ઘોડેસવારોની સરદારી આપું."

ભગુજી કહે, "મારે એ કાંઈ જોઈતું નથી. મારે તો સ્વામિનારાયણ ભગવાન જોઈએ છે. એમના માટે તો મેં ઘરબાર, ગરાસ બધું છોડ્યું છે. હવે બાકીનું જીવન ભગવાન સ્વામિનારાયણની સેવામાં જ પૂરું કરવું છે."

દરબારે તેમની બહુ પ્રશંસા કરી.

૧૧. સામત પટેલ

ભગવાનના જે ખરેખરા ભક્ત હોય તે ભગવાનની મરજી પ્રમાણે જ વર્તે. ભગવાનને માટે પોતાનું ધન, કુટુંબ, દેહ વગેરે બધું જ આપી દે, તેમાં જરા પણ અચકાય નહિ. આવા એક ખરેખરા ભક્તની વાત આપણે જાણીએ.

વાળાક દેશના એક ગામમાં એક આહીર સામત પટેલ નામના મહારાજના સાચા ભક્ત હતા. એક વખત શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગઢડા આવ્યા. શ્રીજીમહારાજ તે વખતે મંદિરનું કામ કરાવતા હતા. કડિયાના પગાર ચૂકવવા રૂપિયાની જરૂર હતી. મહારાજે સામત પટેલને પૂછ્યું, "અમારે થોડા રૂપિયા જોઈએ છે તે આપશો?"

તેમણે જરા પણ વિચાર કર્યા વગર કહ્યું કે, "હા, મહારાજ!"

સામત પટેલ તરત જ ઘેર ગયા. પોતાની જમીન, ગાડું, બળદ, ભેંસો બધું વેચીને રૂપિયા સાડા ચાર હજાર લઈને મહારાજ પાસે આવ્યા અને મહારાજ પાસે રૂપિયાનો ઢગલો કર્યો.

શ્રીજીમહારાજે પૂછ્યું, "આટલા બધા રૂપિયા ક્યાંથી લાવ્યા?"

સામત પટેલે કહ્યું કે, "મહારાજ! મારી પાસે હતા."

પણ અંતર્યામી ભગવાનથી શું અજાણ્યું હોય? સૌને સામત પટેલનો મહિમા સમજાય તે માટે મહારાજે કહ્યું, "સાચું કહો, ભગત, આ રૂપિયા ક્યાંથી લાવ્યા?"

સામત પટેલે બધી વાત કરી.

મહારાજ કહે, "જમીન, ખેતર, ગાડું, બળદ, અનાજ - બધું વેચી નાખ્યું! હવે ખાશો શું? માટે હું તો એક હજાર રૂપિયા રાખીશ. બાકીના લઈ જાઓ. દાણા વગર તમારાં છોકરાં ભૂખ્યાં મરે."

સામત પટેલ કહે, "અમે ભૂખ્યાં ન મરીએ, બીજે ગામથી ઉછીના દાણા લાવી ખાઈશું અને

બીજે વરસે ભરી દેશું.” આ સાંભળી મહારાજ બહુ રાજી થયા.

ભગવાનના સાચા ભક્ત આવા હોય!

૧૨. થાળ

આપણને જીવવા માટે અનાજની ખાસ જરૂર પડે છે. અનાજ ન મળે તો આપણે ભૂખથી મરી જઈએ. ભગવાન સૂર્યનો પ્રકાશ અને પાણી પૂરાં પાડે છે ત્યારે અનાજ ઊગે છે. એના વિના ખેડૂત મજૂરી કરીને મરી જાય તો પણ અનાજ ન ઊગે. તે અનાજની આપણે રસોઇ બનાવીએ છીએ અને જમીએ છીએ. તે રસોઇ આપણે ભગવાનને ધરાવવી જ જોઇએ.

આ દુનિયામાં જે કાંઇ વસ્તુ દેખાય છે તે બધાના માલિક ભગવાન છે. માટે આપણે જે કાંઇ વસ્તુ તેમાંથી લઇએ તે પહેલાં ભગવાનને અર્પણ કરવી જોઇએ. દરેક વસ્તુ ભગવાનને ધરાવીને પછી જ આપણાથી લેવાય. આપણાથી દરેક વસ્તુ પ્રસાદીની કરીને જ વપરાય. ભગવાને આપણને અનાજ પકવી આપ્યું માટે એ પણ એમને ધરાવ્યા વિના કેમ જમાય? જે વાનગીઓ આપણને ભાવતી હોય, તે આપણે થાળમાં મૂકવી. સુંદર વાનગીઓનો થાળ સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામીએ બનાવ્યો છે પણ એ કેવી રીતે બનાવ્યો છે એની પણ એક સુંદર કથા છે તે પહેલાં સાંભળીએ.

એક વખત સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામીને ચાર દિવસના એકસાથે ઉપવાસ થયા. તેમને કાંઇ પણ જમવા ન મળ્યું. પાંચમે દિવસે તેઓ એક ગામમાં પધાર્યા. અહીં એક સંતને તેમની આવી સ્થિતિ જોઇને દયા આવી. તે સંતે ભૂમાનંદ સ્વામીને ઘઉંનો પોંક આપ્યો. આવી રીતે ભગવાનની ઇચ્છાથી અચાનક ભોજન મળી જવાથી તેઓ ગદ્‌ગદ થઇ મહારાજને તે પોંક ધરાવવા લાગ્યા. તેઓ કવિ હતા, તેથી સહજ રીતે ‘જમો થાળ જીવન જાઉં વારી...’ એ થાળ બોલ્યા.

મહારાજે તેમનો ભાવ જોઇને તેમને દર્શન દીધાં, અને થાળમાં કહ્યા પ્રમાણે વાનગીઓ તેમના દેખતાં જમ્યા. પછી મહારાજ ભૂમાનંદ સ્વામીને આશીર્વાદ આપી અદૃશ્ય થઇ ગયા. ત્યાર પછી તે જ થાળ સત્સંગમાં પ્રચલિત છે.

આપણે પણ એ જ થાળ ભગવાનને સંભારીને બોલીએ. સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામીની જેમ આપણો પણ સાચો પ્રેમ હશે તો શ્રીજીમહારાજ જરૂર જમવા પધારશે.



જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કરચરણ, કરો ત્યારી...
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી... જમો થાળ૦
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી,
કાઢ્યો રસ કેરીનો ઘોળી... જમો થાળ૦
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂઆ કઢી,
પૂરી પોચી થઇ છે ઘીમાં ચઢી... જમો થાળ૦
અથાણાં શાક સુંદર ભાજી, લાવી હું તરત કરી તાજી,
દહીં ભાત સાકર છે ઝાઝી... જમો થાળ૦

(આટલો થાળ બોલ્યા પછી થોડો સમય, 'ભગવાન શાંતિથી જમે છે,' તેવું સ્મરણ કરવું. પછી ચળું કરાવવું.)

ચળું કરો લાવું જળઝારી, એલચી લવિંગ સોપારી,
પાનબીડી બનાવી સારી... જમો થાળ૦
મુખવાસ મનગમતા લઇને, પ્રસાદીનો થાળ તણી દઇને,
ભૂમાનંદ કહે રાજી થઇને... જમો થાળ૦

આ પ્રમાણે ભગવાનને થાળ ધરાવી પછી જ આપણે જમવું, તો જરૂર ભગવાન આપણી ઉપર પ્રસન્ન થાય.

૧૩. જોધો ભરવાડ

દાદાખાચરનાં ઢોરઢાંખરની સંભાળ લેવા મહારાજે જોધા ભરવાડને મૂક્યો હતો. જોધો હતો તો ભરવાડ, પણ બહુ પ્રેમાળ. એની ભાષા જાડી પણ તેમાં પ્રેમ બહુ. જોધાને મહારાજ વિના ગમે નહિ. કોઈ સારું ખાવાનું આપે તો પણ ન લે. ભગવાનના ભક્તને વળી સ્વાદ કેવો? - એમ કહી છાશ ને રોટલો જ ખાય. મહારાજ જોધાના ગામ નાની બરાઈ આગળથી નીકળ્યા ત્યારે જોધાએ મહારાજનાં દર્શન કર્યાં. તરત જ જોધો પોતાનો નેસ, સ્ત્રી, છોકરાં, ગાયો, ભેંસો બધું મૂકીને ચાલી નીકળ્યો. મહારાજ પાસે ગઢડા ગયો અને સેવા કરવા લાગ્યો.

એક વખત દાદાખાચરને ત્યાં દૂધપાક કરવા દૂધ ઉકાળવા મૂક્યું હતું. જોધાએ તે જોયું અને મહારાજ પાસે એ ફરિયાદ કરવા લાગ્યો, "મહારાજ! આ જીવુબા, લાડુબા દૂધને બાળી દે છે. દૂધ કાંઈ ચૂલા પર મૂકી બાળી દેવાય?"

મહારાજ હસવા લાગ્યા અને જોધાને કહે, "તું સીમમાં ઢોર ચારવા જા અને બપોરે અહીં આવજે, આજે તારે અહીં જમવાનું છે."

જોધો તો ગુસ્સે થઈને ગયો.

બપોરે સંતો માથે ઓઢીને ધ્યાન કરતા હતા, તે જોઈને જોધો બોલ્યો, "દૂધ બધું બાળી નાખ્યું તેથી હવે માથે ઓઢીને રોવું જ પડે ને?"

મહારાજે એને શાંત કર્યો. મહારાજ પોતે દૂધપાક પીરસવા પધાર્યા. જોધો બૂમો પાડવા લાગ્યો કે, "મહારાજ! મને એવું બળેલું દૂધ ન આપશો."

મહારાજ કહે, "તું ખા તો ખરો!" મહારાજે એને પરાણે દૂધપાક ખવરાવ્યો. જોધાએ દૂધપાક ખાધો ત્યારે ખબર પડી કે દૂધનો દૂધપાક આવો સારો થાય. પણ તે તો ભોળો ભક્ત હતો.

જોધો ઘણી વાર ગાયનું તાજું દૂધ દોહી તેમાં સાકર, બદામ, કેસર નાખી મહારાજને પાતો. મહારાજને રાજી કરવા સાઠમારી (લડાઈ) મહારાજને દેખાડતો. તાજું દહીં, માખણ જમાડતો. મહારાજ જોધાના પ્રેમને વશ થઈ જમી પણ જતા. જોધો દૂધ દોહતો હોય ને મહારાજ ત્યાંથી નીકળે તો આંચળમાંથી દૂધની સેર એવી છોડે કે મહારાજનાં ચરણારવિંદ દૂધથી ધોવાઈ જાય. મહારાજ જોધાની આવી યુક્તિ અને ભક્તિ જોઈ રાજી થાય.



મહારાજ કોઈ કોઈ વાર જોધાની સામે છાશ વલોવવા પણ ઊભા રહી જાય અને નેતરું તાણવા લાગે. ડેર ખસેડીને માખણ પણ છાનામાના ખાઈ જાય. જોધો પકડી પાડે અને મહારાજ હસે.

મહારાજ એક વાર જોધાને કહે, “તું મૂરખનો મૂરખ રહ્યો.”

જોધો કહે, “તમે બહુ ડાહ્યા. એક ચકલી સારુ બ્રહ્માંડ બોળ્યું એવા ડાહ્યા!” પછી મહારાજ પાસે આવીને કહે, “તમે બહુ ડાહ્યા હો તો આ બકરીના ટોળામાં કોયલી, કાટુડી ને જાંબુડી કઈ તે શોધી આપો.”

મહારાજ હસવા લાગ્યા. મુક્તાનંદ સ્વામી જોધાને ઠપકો આપતાં કહે, “જોધા! મહારાજ તો અંતર્યામી છે, બધું જાણે છે.”

એટલામાં મહારાજે જોધાને સમાધિ કરાવી ને અક્ષરધામમાં તેમનાં દિવ્ય દર્શન કરાવ્યાં. સમાધિમાંથી જાગ્રત થતાં જ જોધો ખૂબ આનંદમાં આવી ગયો અને મહારાજનો બહુ મહિમા જાણવા લાગ્યો.

વ્રજના ગોપ જેવી જોધાની ભક્તિ હતી. વાઘને પણ તગેડી મૂકે એવો જોધો, શ્રીજીમહારાજ આગળ ગરીબ ગાય જેવો થઈ ભક્તિ કરતો. ગામડાના આવા અભણ અને જાડી બુદ્ધિના દેખાતા ભક્તોની કેવી અપાર ભક્તિ હતી!

૧૪. ભાલની બીબડી

ભગવાન તો બહુ દયાળુ છે. તેમની દયાનો પાર નથી. જે કોઈ તેમની થોડી પણ સેવા પ્રેમથી કરે તેનો તે ઉદ્ધાર કરે છે. પછી તે ગમે તે જાતનો હોય. હિંદુ હોય કે મુસલમાન, ખ્રિસ્તી હોય કે પારસી, સ્ત્રી હોય કે પુરુષ કે બાળક, ભગવાન સૌનું કલ્યાણ કરે છે.

ભાલ દેશમાં સોઢી નામે ગામમાં એક મુસલમાન બાઈ રહે. તેણે પોતાના આંગણામાં બાવળિયો ઉછેર્યો હતો. એને રોજ લીલાં દાતણ થાય. કોઈ દાતણ માગે તો તે બાઈ દાતણ આપે નહિ અને કહે કે, “આ દાતણ તો ખુદા માટે છે.”

એક વખત શ્રીજીમહારાજ ફરતાં ફરતાં ત્યાં આવ્યા. ગામને પાદર તળાવ છે ત્યાં નાહવા રોકાયા.

શ્રીજીમહારાજે સુરાખાચરને કહ્યું કે, “સુરાખાચર! દાતણ લઈ આવો.”

સુરાખાચર કહે, “મહારાજ! આ ભાલ સૂકો દેશ, અહીં દાતણ ક્યાંથી મળે?”

મહારાજ કહે, “જાઓ તો ખરા.”

સુરાખાચર ગયા. ગામમાં જ બીબીને ત્યાં બાવળિયો જોયો અને દાતણ માગ્યું.

બીબી કહે, “આ ભાલમાં બાવળનું દાતણ માગે એવો કોણ રસિયો છે?”

સુરાખાચર કહે, “અમારા ભગવાન છે.”

બીબી કહે, “આ દાતણ તો ખુદાને માટે છે અને એ જો ખુદા હોય તો હું જાતે દાતણ આપવા આવું.” એમ કહી તે સુરાખાચરની સાથે આવી. મહારાજને દાતણ આપ્યું અને મહારાજને પ્રાર્થના કરી કે, “હે સ્વામિનારાયણ! મને અંત સમયે તેડવા આવજો.”

મહારાજ કહે, “ભલે.”

અને સાચે જ એનો દેહ પડવાનો થયો ત્યારે કૃપાળુ ભગવાન એ જ દાતણ લઈને પોતાનું

વચન પાળવા પધાર્યા અને બીબીને અક્ષરધામમાં લઈ ગયા. કેવા દયાળુ ભગવાન!

૧૫. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી

કાઠિયાવાડમાં જોડિયા બંદર બહુ જાણીતું છે. તેની બાજુમાં ભાદરા નામનું રળિયામણું ગામ છે. ગામને પાદર ઊંડ નદી વહે છે. નદીને કિનારે આંબા, આંબલી, વડ, પીપળા, જાંબુ વગેરે સુંદર ઝાડોનું એક વન છે.

ત્યાં આજથી લગભગ બસો વર્ષ પહેલાં ભોળાનાથ શર્મા નામના એક પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. તેમની પત્નીનું નામ સાકરબાઈ. ભોળાનાથ, જેવું તેમનું નામ તેવા જ સ્વભાવે ભોળા અને ધર્મિષ્ઠ. સાકરબાઈ પણ જેવું તેમનું નામ તેવાં જ સ્વભાવે મીઠાં અને ભક્તિવાળાં. તેઓ આત્માનંદ સ્વામીનાં શિષ્ય. ઘણાં વર્ષ થયાં તેમને પુત્ર નહિ. આથી, આત્માનંદ સ્વામીએ તેમને આશીર્વાદ આપી કહ્યું, "તમારે ત્યાં અક્ષરબ્રહ્મ પુત્રરૂપે જન્મશે."

ત્યાર પછી થોડા સમયે સંવત ૧૮૪૧ના આસો સુદિ પૂનમ - શરદપૂર્ણિમાને દિવસે ભોળાનાથને ત્યાં એક પુત્રનો જન્મ થયો. રામાનંદ સ્વામીએ ભોળાનાથના આ પુત્રનું નામ મૂળજી પાડ્યું

મૂળજી નાનપણથી જ બહુ હોશિયાર. બાળપણથી જ મૂળજીમાં ભક્તિભાવ બહુ.

મૂળજી ચાર વર્ષના થયા ત્યારે એક દિવસ તેમની માતાને કહે, "મા! મા! મને દૂધ આપો ને!"

માતાએ કહ્યું, "ઊભા રહો, ઠાકોરજીને ધરાવીને હમણાં આપું છું."

એટલે મૂળજી તરત બોલ્યા, "અમે પીએ છીએ તે ભેળા ઠાકોરજી પણ પીએ છે," એમ કહી મૂળજી બધું દૂધ પી ગયા. તે વખતે તેમની માતાને મૂળજીમાં ઠાકોરજીનાં દર્શન થયાં.

એક દિવસ સવારે મૂળજી તેમની માતાને કહે, "મા! આજે જનોઈનાં ગીત ગાઓ ને!"

ત્યારે માતુશ્રી કહે, "શા માટે?"

મૂળજી કહે, "ઘનશ્યામ પ્રભુ પૃથ્વી પર પ્રગટ્યા છે. આજે તો અયોધ્યામાં ધર્મદેવને ઘેર ઘનશ્યામ પ્રભુને જનોઈ દેવાય છે. એ ઘનશ્યામ પ્રભુ તો અમારા ભગવાન છે. માટે તમે જનોઈનાં ગીત ગાઓ."

માતા સાકરબાઈ તો આ સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયાં અને જનોઈનાં ગીતો ગાવા લાગ્યાં.



માતા સાકરબાઈ ઘણી વાર મૂળજીને નાના ભાઈ સુંદરજીનું પારણું હીંચકાવવા કહે. મૂળજી પારણું હીંચકાવતાં હીંચકાવતાં કહે, “મા, મારે તો સાધુ થવું છે ને આ સુંદરજી પણ સાધુ થશે.”

આઠ વર્ષની ઉંમરે મૂળજીને જનોઇ આપી.

કોઇ કોઇ વાર મૂળજીના પિતાશ્રી મૂળજીને કહેતા, “મૂળજી! તમે હજુ બહુ નાના છો. માટે રમો, ખેલો, કૂદો, ખાઇ-પીને મજા કરો.”

ત્યારે મૂળજી જવાબ આપતા કે, “આપણે ક્યારે મરી જઇશું તેની ક્યાં કોઇને ખબર છે? માટે ભગવાનનું નામ બાળપણથી લેવું જોઇએ.”

એક દિવસ ખેતરમાં શેરડીના વાઢમાં મૂળજી કામ કરતા હતા, ત્યાં શ્રીજીમહારાજે દર્શન દીધાં અને કહ્યું, “આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે? આ જગતમાં બ્રહ્મતેજ તો સુકાઇ

ગયું છે, હવે ચાલી નીકળો.”

આ સાંભળી મૂળજી તે જ વખતે ઘર છોડીને શ્રીજીમહારાજ પાસે ચાલ્યા ગયા.

થોડા વખત પછી સંવત ૧૮૬૬માં પોષ સુદ ૧૫ને દિવસે શ્રીજીમહારાજે ડભાણમાં યજ્ઞ કરીને મૂળજી ભક્તને સાધુની દીક્ષા આપી અને ‘ગુણાતીતાનંદ સ્વામી’ નામ પાડ્યું.

ગુણાતીતાનંદ સ્વામી બહુ જ તપસ્વી અને સેવાભાવી હતા. વૃદ્ધ અને માંદા સાધુની તેઓ બહુ જ સેવા કરતા. તેઓ વાતો બહુ જ સારી કરતા અને શ્રીજીમહારાજનો મહિમા સૌને સમજાવતા. શ્રીજીમહારાજની તમામ આજ્ઞાનું તેઓ ઉત્સાહથી પાલન કરતા. આથી મહારાજ તેમના ઉપર બહુ જ પ્રસન્ન રહેતા.

શ્રીજીમહારાજે જૂનાગઢમાં મંદિર કરવાની શરૂઆત કરી. મંદિરનું બાંધકામ શરૂ થયું એટલે શ્રીજીમહારાજ કહે, “ભાદરાવાળા ગુણાતીતાનંદ સ્વામીને બોલાવો.” આથી, મુક્તાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીને બોલાવી આવ્યા. તે વખતે શ્રીજીમહારાજે પોતે પહેરેલો હાર કાઢીને ગુણાતીતાનંદ સ્વામીને પહેરાવ્યો અને કહ્યું, “આ અમારા જૂનાગઢના મહંત.” એમ કહી ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢના મહંત બનાવ્યા.

શ્રીજીમહારાજ જ્યારે સ્વધામ પધારવાના હતા, ત્યારે તેમણે જૂનાગઢ સ્વામીને પત્ર લખીને બોલાવ્યા. પત્ર મળતાં તરત જ સ્વામી રોજના સાઠ માઇલ ચાલીને ગઢપુર પહોંચ્યા. દંડવત્ કરીને શ્રીજીમહારાજ પાસે બેઠા. શ્રીજીમહારાજ તેમને જોઈને બહુ રાજી થયા.

ત્યારે શ્રીજીમહારાજે દરેક સાધુ અને હરિભક્તને દર વર્ષે એક મહિનો ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવો એવી આજ્ઞા કરી. પછી જેઠ સુદ દશમને દિવસે શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા.

પછી સ્વામી જૂનાગઢ ગયા અને મંદિરનું બાંધકામ પૂરું કર્યું. નવી ધર્મશાળાઓ કરી. તેઓ પહેલેથી જ બહુ સાદા અને સેવાભાવી હતા. મંદિરનું દરેક કામ જાતે કરતા. વાસીદું પણ કાઢતા. હંમેશાં દાળ, રોટલો, છાશ, ખીચડી જેવો સાદો ખોરાક જ લેતા. દૂધ, ઘી કે મિષ્ટાન્ન ક્યારેય ખાતા નહિ. હંમેશાં ઉઘાડે પગે ચાલતા અને ઠંડા પાણીથી સ્નાન કરતા.

તેમણે ત્યાંના મુસલમાન રાજા તથા કેટલાય નાગરોને હરિભક્ત બનાવ્યા. સ્વામી હરિભક્તોને બહુ વાતો કરતા અને આનંદ કરાવતા. આચાર્ય મહારાજ, ગોપાળાનંદ સ્વામી અને મોટા સંતો પણ સમાગમ કરવા જૂનાગઢ આવતા. તેમના શિષ્યોમાં ભગતજી મહારાજ, જાગા ભક્ત, બાળમુકુંદદાસજી, યોગેશ્વરદાસજી, રઘુવીરજી મહારાજ મુખ્ય હતા. ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજના ગુરુ હતા. ગુણાતીતાનંદ સ્વામીની વાતનો ગ્રંથ ‘સ્વામીની વાતું’ના નામે પ્રખ્યાત છે.

સ્વામી ચાળીસ વર્ષ જૂનાગઢ રહ્યા. પછી ફરતાં ફરતાં ગોંડળ આવ્યા. ગોંડળમાં હરિભક્તોને આનંદ કરાવી, સંવત ૧૯૨૩ના આસો સુદિ ૧૩ની રાત્રે પોણા વાગ્યે સ્વધામ પધાર્યા. પછી તેમના શરીરને અત્યારે જ્યાં ‘અક્ષર દેરી’ છે ત્યાં સૌ સંત-હરિભક્તોએ અગ્નિસંસ્કાર કર્યો. તે દેરી પર શાસ્ત્રીજી મહારાજે બાંધેલું મંદિર ‘અક્ષર મંદિર’ નામે પ્રખ્યાત છે.

૧૬. સ્વામીની વાતું

આપણે ગુણાતીતાનંદ સ્વામીના જીવન વિશે વાંચ્યું. એ ગુણાતીતાનંદ સ્વામીનો ધ્યાનમાં, સેવામાં, વાતું કરવામાં - બધામાં પહેલો નંબર. એમણે શ્રીજીમહારાજને પૂછ્યું, "મારે શું કરવું? ધ્યાન કરવું, સેવા કરવી, આત્મારૂપે વર્તવું કે વાતો કરવી?"

મહારાજ કહે, "તમારે વાતો કરી બધાને જ્ઞાન આપવું ને ભગવાનને ઓળખાવવા."

શ્રીજીમહારાજની આ આજ્ઞા મળી ત્યારથી ગુણાતીતાનંદ સ્વામી હંમેશાં વાતું જ કરતા. રાત-દિવસ વાતો કરે. બધાને સાચું જ્ઞાન આપે. તેમણે જે જ્ઞાન આપ્યું તે 'ગુણાતીત જ્ઞાન.' ગુણાતીતાનંદ સ્વામી એવી સાદી ને સરળ વાતો કરે કે સૌને સમજાય. વળી, વાર્તા કહીને સમજાવે એટલે સૌને આનંદ આવે. એમની સ્વામીની વાતો સૌ મોઢે કરે છે. આપણે પણ પાંચ વાતો સમજીએ ને મોઢે કરીએ.

[૧]

સ્વામિનારાયણ હરે! સ્વામીએ વાત કરી:

"સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી. ને એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે. એ મંત્રે વિષય ઊડી જાય છે ને બ્રહ્મરૂપ થવાય છે ને કાળ, કર્મ ને માયાનું બંધન છૂટી જાય છે, એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું."

ભગવાનના નામના મંત્રમાં બહુ બળ છે. કાળા નાગનું ઝેર ચડે ને કાંઈ દવા ન કરે તો પણ ભગવાનના આ મંત્રથી ઝેર ઊતરી જાય. આ વાત આપણા ગુરુ યોગીજી મહારાજે સાબિત કરી બતાવી છે.

ગોંડળમાં મંદિરનું કામ ચાલતું હતું. એક રાત્રે યોગીજી મહારાજને એક મોટો કાળો સર્પ તેમની આંગળીએ કરડ્યો. તેમને તો ખબર ન હતી. મંદિરમાં રહેતા ભક્તિવલ્લભ સ્વામીએ સાપ નીકળતો જોયો. તેમણે કહ્યું કે સ્વામીને તો આ ઝેરી સાપ જ કરડ્યો છે.

તેમણે શાસ્ત્રીજી મહારાજને વાત કરી. સ્વામીએ કહ્યું કે, "દેરીમાં સૌ ધૂન કરો." તેથી સૌએ ધૂન શરૂ કરી.

ગોંડળના મહારાજાને આ વાતની ખબર પડી. ત્યારે તેમણે પોતાના ડૉક્ટરને સ્વામીની દવા કરવા મોકલ્યા, પણ સ્વામીએ કહ્યું કે અમારે દવા નથી કરાવવી. સ્વામિનારાયણ નામની ધૂનથી જ ઝેર ઊતરી જશે. પછી બાર કલાકે ઝેર ઊતરી ગયું. પણ ઝેર બહુ આકરું હતું. તે ડાબા હાથની પહેલી આંગળીનું હાડકું વળી ગયું. સ્વામીની પહેલી આંગળી સહેજ વાંકી વળી ગઈ હતી.

માટે આપણે પણ એ સ્વામિનારાયણ મંત્ર ખૂબ જપીશું.

[૨]

સ્વામિનારાયણ હરે! સ્વામીએ વાત કરી:

"કોઈ ભગવાન સંભારે તેની સેવા મારે કરાવવી ને તેનાં લૂગડાં મારે ધોવરાવવાં ને તેને મારે બેઠાં ખાવા દેવું."

જે માણસ ભગવાન ભજે છે તેની બધી ચિંતા ભગવાન માથે લઈ લે છે. કોઈ આખો દિવસ ભગવાન ભજે તો તેને ખાવા-પીવાનું તથા કપડાં પણ ભગવાન આપે પણ ભગવાનમાં વિશ્વાસ હોવો જોઈએ.

ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય બાળમુકુંદ સ્વામી આ વાત ચલાળાના મંદિરમાં બોલ્યા. ત્યારે કેટલાક શિષ્યો કહે, “આપણે રસોઈ ન બનાવીએ ને બેઠાં બેઠાં ભજન કર્યા કરીએ તો કાંઈ જમવા મળે? ભગવાન કાંઈ જમવાનું આપી જાય? માટે આ વાત સાચી લાગતી નથી.”

બાળમુકુંદ સ્વામી કહે, “આ વાત સાચી જ છે. આપણે સૌ ભજન કરીએ તો ભગવાન ખાવા આપે જ. ચાલો, સૌ ભજન કરવા માંડીએ, કોઈ શંકા ન કરશો. આ વાત સાચી જ છે, માટે ભગવાન ખાવા આપશે જ.”



સૌ સવારથી ભજન કરવા બેસી ગયા. અગિયાર, સાડા અગિયાર થયા પણ કાંઈ ખાવાનું આવ્યું નહિ. કેટલાકને શંકા થઈ. સ્વામી કહે કે, “કોઈ મૂંઝાશો નહિ, ભજન કરવા માંડજો.”

બરાબર બાર વાગ્યે એક હરિભક્ત ગાંઠિયા, ગોળપાપડી, લાડુ વગેરે લઈ આવ્યા ને સ્વામીને કહે, “આ ચોખ્ખો નાસ્તો છે તો ધરાવીને સૌ સંતોને જમાડો.”

સ્વામીએ સંતોને કહ્યું, “જુઓ, ભગવાને જમવાનું મોકલ્યું ને?”

હરિભક્તને પણ પૂછ્યું કે, “તમે અહીં ક્યાંથી?”

તેમણે કહ્યું કે, “મારા દીકરાની જાન લઈને અમે અમરેલી જતા હતા. અત્યારે જમવાનો સમય થયો તેથી ગાડાં છોડી અમે ઝાડ નીચે જમવાની તૈયારી કરતા હતા ત્યાં ગામના માણસ નીકળ્યા. તેમણે કહ્યું કે સ્વામી મંદિરમાં છે. તેથી અમને થયું કે સંતોને જમાડીને જમીએ.”

આમ, ભજન કર્યું તો ભગવાને જમવાનું મોકલ્યું.

ભજન કરવાથી ખૂબ લાભ થાય છે.

[૩]

સ્વામિનારાયણ હરે! સ્વામીએ વાત કરી:

“કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો. કદાપિ કરોડ કામ સુધર્યાં અને એક મોક્ષ બગડ્યો, તો તેમાં શું કર્યું?”

એક પટેલ હતા. તે નાના ગામમાં રહે. તે એક વખત મોટા શહેરમાં ખરીદી કરવા જતા હતા. પટલાણીએ ઘણી વસ્તુ લાવવાની કહી. પટેલ ભુલકણા બહુ હતા, તેથી બધી વસ્તુ કાગળમાં ઉતારી લીધી.

ગામમાં ખબર પડી કે પટેલ શહેરમાં જાય છે તેથી સૌ આવ્યા ને કહે, "પટેલ, અમારે માટે પણ આ વસ્તુ લાવજો."

પટેલ કહે, "ભલે."

કાગળમાં સૌની વસ્તુઓ લખી લીધી.

ગાડું જોડી પટેલ શહેરમાં ગયા. મોટા બજારમાં ગાડું છોડ્યું ને ખરીદી ચાલુ કરી. પટેલને થયું કે: "બીજાની વસ્તુ પહેલાં જલદી લઈ લઉં, પછી મારા ઘર માટે નિરાંતે લઈશ."

બજારમાં તો બહુ ધમાલ હોય. એક પછી એક વસ્તુ લઈને ગાડામાં ભરી. ગાડું ભરાઈ ગયું. પટેલ ગાડું જોડી ઘરે ગયા. ગામના સૌ પોતપોતાની વસ્તુ લેવા આવ્યા. પટેલે સૌની જે જે વસ્તુ હતી તે સૌને આપી દીધી. થોડી વારમાં ગાડું ખાલીખમ.

પટલાણી કહે, "આપણી વસ્તુ ક્યાં?"

પટેલ માથું ખંજવાળતાં કહે, "આપણું તો ભૂલી ગયો."

પટેલને ડાહ્યા કહેશો કે મૂર્ખા? પોતાની વસ્તુ ભૂલી ગયા ને ફોગટ ફેરો ખાધો. તેમ આપણે બીજાં ઘણાં કામ કરીએ, બીજાનું ભલું કરીએ, પણ આપણે ભજન કરી આપણું જ કલ્યાણ ન કરીએ તો પટેલ જેવા મૂર્ખ કહેવાઈએ ને?



તેથી જ સ્વામી કહે છે કે કરોડ કામ બગડે તો ભલે બગડે. મોક્ષ સુધારી લેવો. કદાચ કરોડ કામ સુધર્યાં ને મોક્ષ બગડ્યો તો પટેલ જેવું જ થયું, મૂર્ખાઈનું કામ.

મોક્ષ સુધારવા ભગવાનનું નામ લેવું. ભગવાનનું ભજન કરીએ ને ભગવાનના ભક્ત થઈએ તો ભગવાન આપણી રક્ષા કરે છે.

[૪]

સ્વામિનારાયણ હરે! સ્વામીએ વાત કરી:

“ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવા જ બેઠા છે, કેની પેઠે તો જેમ પાંપણ આંખની રક્ષા કરે છે ને હાથ કંઠની રક્ષા કરે છે ને માવતર છોકરાની રક્ષા કરે છે ને રાજા પ્રજાની રક્ષામાં છે, તેમ જ ભગવાન આપણી રક્ષામાં છે.”

ભક્ત પ્રહ્‌લાદ, ધ્રુવ, નરસિંહ મહેતા, મીરાંબાઈ વગેરે ભક્તોએ ખૂબ ભજન કર્યું તો ભગવાને તેમની રક્ષા કરી. શ્રીજીમહારાજ પણ પોતાના ભક્તોની એવી જ રક્ષા કરે છે.

ભડલી ગામમાં નાજા ભક્ત રહેતા હતા. અહીં ગોવાળિયાઓનો ત્રાસ વધવાથી તેઓ

ભોંયરા ગામમાં જઇને વસ્યા. અહીંના રાજા વાસુરખાચરને નાજા ભક્તે શ્રીજીમહારાજનો મહિમા કહ્યો.

રાજાએ કહ્યું, "તારા ભગવાન જો સાચા હોય તો કાલે અહીં આવીને દર્શન દે, નહિ તો તારા ઢીંચણ ભાંગી નાખીશ."

ત્યારે શ્રીજીમહારાજ વિસનગર બિરાજતા હતા. "એક રાતમાં મહારાજ અહીં કેવી રીતે આવી શકે?" નાજા ભક્તને ઘણી ચિંતા થવા લાગી. રાજા ઘણો ક્રૂર હતો. તે કોઈ વાતે સમજે તેમ ન હતો. છેવટે નાજા ભક્ત તો મહારાજને સંભારવા લાગ્યા.

આ બાજુ મહારાજ વિસનગરથી નીકળ્યા. રસ્તામાં વઢવાણ આગળ નદીમાં પૂર આવેલું. મહારાજ પાણી ઉપર ચાલીને વહેલી સવારે ભોંયરા આવી પહોંચ્યા. પાદરમાં એક ચારણ મળ્યો. તેની સાથે મહારાજે રાજાને કહી મોકલ્યું: "નાજાના ભગવાન આવી ગયા છે."

ડેલી ઉઘાડી ત્યારે નાજાએ મહારાજને જોયા. તેને બહુ આશ્ચર્ય થયું. પગમાં પડી ગયો.

સવારે મહારાજ નાજા સાથે દરબારમાં પધાર્યા. દરબારમાં અનેક દુઃખીઓના અવાજ સંભળાયા. નાજાએ મહારાજને કહ્યું, "રાજા ઘણો ક્રૂર છે. લોકોને બહુ દંડે છે. ઢીંચણ ભાંગી નાખે છે."

જ્યારે રાજા મહારાજની સામે આવ્યો, ત્યારે મહારાજનાં દર્શનથી એને એકદમ સમાધિ થઈ. સમાધિમાં એણે યમના હાથનો ખૂબ માર ખાધો.

થોડી વાર પછી મહારાજની ઇચ્છાથી તે સમાધિમાંથી પાછો આવ્યો. રાજા એકદમ મહારાજનાં ચરણોમાં પડી ગયો અને પોતાના ગુનાઓની માફી માગી. 'સ્વામિનારાયણ સાક્ષાત ભગવાન છે,' તેવો એને નિશ્ચય થયો. હવેથી નિર્દયપણે કોઈને પણ દંડ કરવો નહિ એવી મહારાજે આજ્ઞા આપી, વર્તમાન ધરાવી રાજાને સત્સંગી કર્યો. મહારાજે નાજા ભક્તની રક્ષા કરી.

સ્વામિનારાયણ હરે! સ્વામીએ વાત કરી:

“કેટલાકને મન રમાડે છે ને કેટલાક મનને રમાડે છે. આ વાત નિત્યે વિચારવા જેવી છે.”

આપણો સૌથી મોટો શત્રુ આપણું મન છે. મન આપણને ભક્તિ, સેવા કરવા દેતું નથી. પણ કેટલાક માણસો મનને પણ રમાડે એવા હોય છે. મન કહે તેમ ન કરે.

ગઢડામાં એક કોળીનો છોકરો હતો. તેના બાપે ખેતરમાં ચીભડાં વાવ્યાં હતાં. છોકરાએ નક્કી કર્યું કે ચીભડાં પાકે ત્યારે પહેલું ચીભડું મહારાજને ધરાવવું. ચીભડાં પાક્યાં ત્યારે તે ચીભડું લઈ મહારાજ પાસે જતો હતો. પાકા ચીભડાની સુગંધથી તેનું મન લલચાઈ ગયું. તેને થયું કે આવું સરસ ચીભડું તો હું જ ખાઈ જાઉં.

પછી વળી મનને મારી આગળ ચાલ્યો. થોડી વારે વિચાર આવ્યો કે: “મહારાજને તો ઘણા માણસો મોટી મોટી ભેટ આપે એમાં મારું ચીભડું કાંઇ પસંદ નહિ પડે, માટે ખાઈ જ જાઉં.” પણ વળી મનને કહ્યું: “ના, ના, મહારાજને આપવાનો વિચાર કર્યો તેથી મહારાજને જ આપવું.” આમ, મન સાથે લડાઈ લેતો લેતો દાદાખાચરના દરબારમાં આવી પહોંચ્યો.

મહારાજે તેને બોલાવી ચીભડું માગ્યું. પોતે થોડું જમ્યા ને સૌને પ્રસાદી આપી. મનને જીતીને આવ્યો તેથી મહારાજ તે છોકરા પર બહુ રાજી થયા ને તેને દસ શેર સાકર ભેટ આપવા કોઠારીને કહ્યું

તે સભામાં એક વાણિયો બેઠો હતો. તેણે વિચાર કર્યો કે: “આણે એક ચીભડું મહારાજને આપ્યું તો મહારાજે દસ શેર સાકર આપી, તો હું આખું ગાડું ભરીને ચીભડાં મહારાજને આપું તો મને કેટલી બધી સાકર આપશે?”

બીજે દહાડે તે તો ગાડું ભરીને ચીભડાં લઈ આવ્યો. મહારાજ કહે, “આ ચીભડાં પેલી નદીમાં નાખો, માછલાં ખાઈ જશે.”

વાણિયો કહે, “મહારાજ! આમ કેમ? કાલે તો તમે પેલાને એક ચીભડામાં દસ શેર સાકર આપી હતી ને હું તો ગાડું ભરીને લાવ્યો છું.”

મહારાજ કહે, “તે તો મન સાથે લડાઈ કરીને મનને જીતીને લાવ્યો હતો, તેથી આપી હતી. ને તમે તો સાકર લેવાના વિચારથી લાવ્યા છો, તેથી ન મળે.”

મન સાથે લડાઈ કરીને ભજન કરીએ, મન ખોટું કામ કરવાનું કહે તો તેને ના પાડીએ, તો ભગવાન બહુ જ રાજી થાય.

૧૭. શાસ્ત્રીજી મહારાજ

શાસ્ત્રીજી મહારાજનું નામ તો તમે સૌએ સાંભળ્યું હશે. તેઓ યોગીજી મહારાજના ગુરુ.

તેમનો જન્મ સંવત ૧૯૨૧, મહા સુદ ૫(વસંત પંચમી)ને દિવસે મહેળાવ ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ધોરીભાઈ ને માતાનું નામ હેતબા. તેમનું બાળપણનું નામ ડુંગર ભક્ત.

ડુંગર ભક્ત નાનપણથી જ બહુ હોશિયાર અને શૂરવીર. ભણવામાં હંમેશાં પહેલો નંબર રાખે. બાળપણમાં જ્યારે બધાં બાળકો રમે, ત્યારે તેઓ ધૂળમાંથી મંદિરો બનાવી તેમાં મૂર્તિ પધરાવી આરતી ઉતારે.

સત્તર વર્ષની નાની ઉંમરે તેમણે ઘર છોડ્યું અને સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીના શિષ્ય તરીકે રહ્યા. સંવત ૧૯૩૯ના કાર્તિક વદિ પાંચમે આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે તેમને સાધુની દીક્ષા આપી અને 'યજ્ઞપુરુષદાસ' નામ પાડ્યું. સંસ્કૃતના અભ્યાસમાં તેમને કોઈ ન પહોંચે. ભલભલા વિદ્વાનોને ચર્ચામાં હરાવી દે. આથી બધા તેમને 'શાસ્ત્રીજી મહારાજ' કહેતા.

તેમના જેવી પવિત્રતા અને સાધુતા કોઈની નહિ. તેઓ અક્ષરપુરુષોત્તમની વાતો નીડરપણે કરતા. તેથી તેમની સાથેના કેટલાક સાધુઓ તેમને હેરાન કરતા, તેમનું અપમાન કરતા અને મારતા. આવા સંજોગોને લીધે તેઓ વડતાલમાંથી નીકળી ગયા. પછી બોચાસણમાં મંદિર બાંધ્યું અને તેમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી.

એવાં જ વિશાળ મંદિરો તેમણે સારંગપુર, ગોંડળ, અટલાદરા અને ગઢડામાં બાંધ્યાં. હજારો ચોર, પાપી, વ્યસની લોકોને સારા સત્સંગી કર્યા. 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા'ની સ્થાપના કરી. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ)ને એ સંસ્થાના પ્રમુખ તરીકે નીમ્યા અને આપણા સૌના પ્યારા યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ આપણને આપ્યા.

આવાં મહાન કાર્યો કરી, શાસ્ત્રીજી મહારાજ સંવત ૨૦૦૭ના વૈશાખ સુદિ ચોથને દિવસે સારંગપુરમાં અંતર્ધાન થયા.

એવા શાસ્ત્રીજી મહારાજને લાખો વંદન હો!

૧૮. ઘરમાં અને શાળામાં વર્તણૂક

આપણે સત્સંગી બાળકો છીએ. આપણે બાળમંડળમાં જઈએ છીએ. આપણી રીતભાત, વર્તણૂક વગેરે સારાં હોવાં જોઈએ. આપણે જૂઠું બોલીએ, કોઈની સાથે ઝઘડો કરીએ તો લોકો જાણે કે આનાં મા-બાપ આવાં હશે? આના ગુરુ આવા હશે? આને બાળમંડળમાં આવું શીખવતા હશે? આમ, આપણા ખરાબ વર્તનથી આપણાં મા-બાપનું, ગુરુનું, આપણા મંડળનું બધાંનું નામ ખરાબ થાય માટે આપણે રીતભાત સુધારવી જ જોઈએ.

સત્સંગી બાળકે સવારે પૂજા કર્યા પછી મા-બાપને પગે લાગવું જોઈએ. કેટલાંક બાળકો મા-બાપની સાથે ને મોટાં ભાઈ-બહેનો સાથે ઉદ્ધતાઈથી વર્તે છે એ સારું ન કહેવાય. વડીલોને હંમેશાં માન આપવું જોઈએ. તેમની સાથે ઊંચે સાદે ન બોલાય. તેમની આજ્ઞા આપણે માનવી જ જોઈએ. તેમની સાથે વાતચીત પણ ખૂબ જ વિનયથી કરવી જોઈએ. જવાબ આપતી વખતે માનવાચક શબ્દો વાપરવા જોઈએ.

કેટલાંક બાળકો કપડાં માટે, ખાવા-પીવા માટે પણ ખૂબ જ તકરાર કરતાં હોય છે. "મારે આવાં જ કપડાં જોઈએ. ઇસ્ત્રી કર્યા વગર કપડાં હું ન પહેરું. મને આવું શાક ભાવે જ નહિ. મારે અમુક જ ચીજ ખાવા જોઈએ." આવું કેટલાંક બાળકો બોલે છે. આ ઠીક ન કહેવાય. આપણને જે કાંઈ ખાવા મળે તે શાંતિથી જમી લેવું. શ્રીજીમહારાજના સાચા શિષ્ય હોય તે ખાવા-પીવા અને કપડાં માટે તકરાર ન કરે; આપણને મા-બાપ જે કપડાં આપે તે પહેરવાં. કદાચ ન ગમતાં હોય તો શાંતિથી કહેવું, પણ તકરાર તો કરવી જ નહિ.

એવી રીતે કેટલાંક બાળકો પોતાનાં નાનાં ભાઈ-બહેનો સાથે પણ ઝઘડતાં હોય છે. નાના ભાઈઓ સાથે વાદ કરે, "મારો ભાઈ કામ કરે તો જ હું કરું. એને સારી વસ્તુ આપો છો ને મને આવી કેમ? એ પેનથી લખે ને હું પેન્સિલથી શા માટે લખું?" આવું પણ કેટલાંક બાળકો બોલતાં હોય છે. સત્સંગી બાળક આવું ન બોલે. એ પોતાનાં ભાઈ-બહેનોનો વાદ ન કરે. એ ભાઈ-બહેનોને મદદ કરે. એ નાનાં ભાઈ-બહેનોને મારે કે હેરાન ન કરે. પોતાનાં ઘરનાં સૌ સાથે હળીમળીને રહે.

કેટલાંક બાળકો પૈસા બહુ વાપરવા માગે. ઘરનું ખાવાનું તો તેમને ભાવે જ નહિ. બજારનું કે હૉટલનું ખાવાનું હોય તો જ તેમનું પેટ ભરાય. રોજ મિત્રો સાથે હૉટલમાં જવા જોઈએ. કલાકોના કલાકો ટીવી જોયા જ કરે. સિરિયલો અને ફિલ્મો જોવા જોઈએ જ. આ બધા શોખ માટે પૈસા ન મળે તો ઘરમાંથી છાનામાના પૈસા ઉપાડી લે. આવી રીતે પોતાના શોખ પૂરા કરે. તેમને દોસ્તી પણ આવા છોકરા સાથે જ હોય.

આ બધી ટેવો બહુ જ ખરાબ છે. સત્સંગી બાળક બહારનું કે હૉટલનું ખાય જ નહિ. તે બહુ ગંદું ને અપવિત્ર હોય છે. તે ખાવાથી ખરાબ સંસ્કાર પડે છે. સત્સંગી બાળક ટીવી કે સિનેમા જુએ જ નહિ. ચોરી તો સત્સંગી બાળક કરે જ નહિ. કોઈ વખત કોઈ ચીજની જરૂર હોય તો તે માટે મા-બાપ પાસેથી માગીને પૈસા લે, પણ ચોરી તો કરે જ નહિ.

સત્સંગી બાળક હંમેશાં સારા છોકરાની સોબત જ રાખે. રખડુ, ચોર, જૂઠાબોલા છોકરાની સોબત રાખે જ નહિ. સત્સંગી બાળકની રીતભાત સારી હોય તો સૌ તેનાં વખાણ કરે, માન આપે. તેનાં માબાપનાં અને ગુરુનાં વખાણ કરે. સૌ તેના પર પ્રેમ કરે. માટે આપણે આજથી જ નક્કી કરીએ કે:

અમે કદી ચોરી કરીશું નહિ.
અમે કદી જૂઠું બોલીશું નહિ.
અમે કદી બજારનું કે હૉટલનું ખાઈશું નહિ.
અમે કદી ટીવી-સિનેમા જોઈશું નહિ.
અમે કદી માબાપની સામું બોલીશું નહિ.
અમે કદી ખાવા-પીવા કે કપડાં માટે ઝઘડો કરીશું નહિ.
અમે કદી નાનાં ભાઈ-બહેનો સાથે તકરાર કરીશું નહિ.
અમે ખરાબ છોકરાની સોબત કે ખરાબ વ્યસન રાખીશું નહિ.
અમે કદી ગાળ્યા વગરનું પાણી કે દૂધ પીશું નહિ.
પરંતુ
અમે હંમેશાં સાચું જ બોલીશું.
અમે હંમેશાં માબાપને માન આપીશું.
અમે હંમેશાં પૂજા કરીશું.
અમે હંમેશાં તિલકચાંદલો કરીશું.
અમે હંમેશાં અભ્યાસ કરીશું.
અમે હંમેશાં બાળમંડળમાં જઈશું.
અમે હંમેશાં મંદિરમાં જઈશું.
અમે હંમેશાં ગુરુની આજ્ઞાનું પાલન કરીશું.

૧૯. પૂંજો ડોડિયો

પાણવી ગામમાં પૂંજા ડોડિયા રજપૂત ભક્ત હતા. સત્સંગી થયા પહેલાં એમણે સંકલ્પ કર્યો કે ભગવાન ન મળે તો દેહ પાડવો. તે માટે નાના ગોપનાથ જઈને મહાદેવને બાથ ભરીને સમુદ્રમાં પડવા ગયા, પણ આકાશવાણી સંભળાણી: "સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે. તેના સંત તને મળશે." એટલે પૂંજાભાઈ ઘરે પાછા આવ્યા.

એક દિવસ પૂંજાભાઈ સવારમાં સાંતી લઈને ખેતરમાં જતા હતા ત્યાં કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી સામે મળ્યા. સંતોને જોઈને ભક્તરાજ દોડીને પગમાં પડ્યા અને કહે, "મને ભગવાનનો ભેટો કરાવો." એમ કહી સંતોને આગ્રહ કરીને ઘરે તેડી ગયા અને રસોઈ કરાવીને જમાડ્યા. મુમુક્ષુ જાણીને સ્વામીએ મહારાજના મહિમાની વાર્તા કરી. વર્તમાન ધરાવ્યા. પૂંજાભાઈને સત્સંગી કર્યા.

પૂંજો ડોડિયાને સત્સંગનો રંગ ખરેખરો લાગ્યો. મહારાજમાં અખંડ વૃત્તિ રહેવા લાગી. પોતાની દીકરી પરણાવેલી હતી તેને ઉપદેશ આપ્યો ને સંસાર છોડાવી સાંખ્યયોગી, ત્યાગી કરી. અને જમાઈને પણ સંસાર ખોટો કરાવી ત્યાગી બનાવ્યા.

કારિયાણીના વસ્તાખાચરને પૂંજા ભક્તે કહેલું કે, "જ્યારે મહારાજ તમારે ત્યાં પધારે ત્યારે મને ખબર આપવી."

એક વખત શ્રીજીમહારાજ અચાનક કારિયાણી પધાર્યા, એટલે વસ્તાખાચરે ગંગારામ દવેને પાણવી મોકલ્યા. પૂંજાભાઈ ખેતરમાં સાંતી હાંકે. ત્યાં ગંગારામ દવેએ સમાચાર આપ્યા. એટલે બળદિયા સહિત સાંતીડું પૂંજાભાઈએ ગામને મારગે ચડાવી દીધું અને પોતે એકદમ દોડ્યા. કારિયાણી આવ્યા.

દરબારમાં આવી પૂછ્યું, ત્યારે દરબાર કહે, "મહારાજ તો હમણાં જ સારંગપુર પધારી ગયા."

આ સાંભળી ભૂખ્યા ને તરસ્યા પૂંજાભાઈએ સારંગપુર તરફ દોટ મૂકી.

આ બાજુ સારંગપુર જતાં રસ્તામાં ગામ સજેલી ને વજેલી વચ્ચે ખીજડો છે, ત્યાં મહારાજ વિશ્રામ લેવા બેઠા. નાજા જોગિયાને મહારાજ કહે, "તરસ બહુ લાગી છે." બે-ચાર વાર નાજા જોગિયાએ મહારાજને જળપાન કરાવ્યું, પણ મહારાજની તરસ છીપે નહિ.

એવામાં મહારાજ એકાએક ખીજડા ઉપર ચડ્યા અને દૂરથી પૂંજા ભક્તને દોડતાં આવતાં જોયા. મહારાજ તરત નીચે ઊતર્યા ને ઠંડા પાણીની બતક લઈને પૂંજા ભક્તની સામે દોડ્યા. એમને ભેટ્યા, પાણી પાયું અને ખીજડાને છાંયે હાથ ઝાલી બેસાડ્યા. મહારાજ કહે, "નાજા! હવે મારી તરસ છીપી."

પૂંજો ભક્ત ખરેખરા ભક્ત હતા. શ્રીજીમહારાજનો તો તેમને અપાર મહિમા, પણ મહારાજની માણકી ઘોડીનો પણ તેમને બહુ મહિમા. “અહો! આ માણકી પર સાક્ષાત્ ભગવાન બેસે છે. તેનાં કેટલાં મોટાં ભાગ્ય કહેવાય?” એમ સમજી માણકીને માટે તેઓ જાતે ખડ વીણી લાવતા. ખડ પણ લીલુંછમ, તેમાં જરા પણ કાંકરી ન આવવી જોઈએ, કાંટો ન આવવો જોઈએ, તેમાં ગંદકી ન હોવી જોઈએ. એકદમ ચોખ્ખું અને સરસ ખડ જોઈએ. કારણ? શ્રીજીમહારાજનો સંબંધ છે તેથી માણકી તો મુક્ત છે. તેને કાંઈ જેવું તેવું ખવરાવાય?

એક વખત આવી રીતે સરસ ખડ વીણી તેનો ભારો બાંધી ગાડામાં નાખી ગઢડા આવતા હતા. આ બાજુ તો મહારાજ ધામમાં પધાર્યા. મહારાજની અંતિમ ક્રિયા માટેનો સામાન લેવા ભગુજી ને રતનજી જતા હતા. રસ્તામાં પૂંજાભાઈ મળ્યા. ભગુજીએ પૂછ્યું, “પૂંજાભાઈ! ક્યાં જાઓ છો?”

પૂંજાભાઈ કહે, “માણકી ઘોડી માટે ખડ આપવા જાઉં છું. ત્યાં મહારાજનાં દર્શન કરીશ.”

ભગુજી કહે, “માણકી પર બેસનારા શ્રીજીમહારાજ તો ધામમાં ગયા છે.”

આ સમાચાર સાંભળતાં જ ખડના ભારા પર પૂંજા ભક્ત બેઠા હતા ત્યાંથી નીચે પડી ગયા. તેમને મૂર્છા આવી હતી.

એક પહોર પછી તે ભાનમાં આવ્યા. તેમને કંઠે પ્રાણ આવી ગયા હતા. તેમણે અનાજ કે પાણી કંઈ લીધું નહિ. ગઢડા આવીને ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. બહુ જ શોક કરવા લાગ્યા. ગોપાળાનંદ સ્વામીએ તેમને જમવા કહ્યું તો તે કહે કે, "હવે મને અન્ન-જળ ગળે નહિ ઊતરે."

સ્વામીએ તેમને અન્ન-જળનો ત્યાગ કરવા ના પાડી. ત્યારે પૂંજાભાઈ કહે, "મને ગળાની નીચે કાંઈ ઊતરતું જ નથી અને હું જાણીને ન લેતો હોઉં તો મને સર્વે પરમહંસના સમ છે. મને શ્રીજીમહારાજની ઇચ્છાથી જ આમ થયું હોય તો તેઓ મને તેરમાને દિવસે તેડી જશે."

આ બધા દિવસો તેમણે અન્ન-જળ લીધા વિના એક જુવાનની જેમ જ કાર્ય કર્યું. તેરમાને દિવસે સૌ જમી રહ્યા પછી તેમણે દેહ છોડી દીધો. શ્રીજીમહારાજ તેમને તેડવા આવ્યા તે સૌએ દર્શન કર્યાં.

આવા પ્રેમી હતા પૂંજો ડોડિયો.

૨૦. નાથ ભક્ત

વડોદરામાં કાછિયા પટેલ નાથ ભક્ત શ્રીજીમહારાજના પાકા ભક્ત હતા. શ્રીજીમહારાજ તેમના બહુ વખાણ કરતા. તે કસબવાળાં સારાં લૂગડાં વણીને મહારાજને ભેટ ધરતા. મહારાજને વિશે તેમને અપાર પ્રેમ હતો. પોતાના શાકબકાલુ વેચવાના ધંધામાં થોડું કમાય, પૈસા ભેગા થાય ને મહારાજ પાસે પહોંચી જાય. પોતે લાવેલા પૈસામાંથી સંતોને રસોઈ જમાડે.

એવી રીતે એક વખત ગઢડા ગયા હતા. પછી મહારાજની રજા લઈ ઘરે જવા નીકળ્યા. થોડી વાર પછી મહારાજે એક હરિભક્તને કહ્યું, "નાથ ભક્તને બોલાવી લાવો."

તે ભક્ત નાથ ભક્તની પાછળ ચાલ્યા. નાથ ભક્ત આગળ ચાલ્યા જાય ને પેલા પાછળ. વડોદરા આગળ વિશ્વામિત્રી નદી પાસે બંને ભેગા થયા. મહારાજનો સંદેશો સાંભળી નાથ ભક્ત તો ત્યાંથી જ પાછા ગઢડા ગયા. ઘર નજીક હતું પણ ઘરે કહેવરાવ્યું પણ નહિ. મહારાજને આ ખબર પડી ત્યારે મહારાજ બહુ જ રાજી થયા.

નાથ ભક્તનાં પત્ની પણ ઉત્તમ ભક્ત હતાં. તે ધામમાં ગયાં ત્યારે - મહારાજ વિમાન લઈને તેમને તેડવા આવ્યા છે – તેવાં દર્શન સૌને થયાં. નાથ ભક્તે એ વખતે જરા પણ શોક ન કર્યો કે રોકકળ ન કરી.

પ્રભુદાસ નામનો તેમને દીકરો હતો. તેને સમાધિ થતી હતી. સમાધિમાં જઈ તે મહારાજ પાસેથી ખારેક, સાકર એવી પ્રસાદી લાવતો. સોળ વર્ષની નાની ઉંમરે તે ધામમાં ગયો. તે વખતે નાથ ભક્તે ગામમાં સાકર વહેંચી.

બધા કહે, "નાથ ભક્ત! આ શું કરો છો? તમારું મગજ ફરી ગયું છે શું?"

નાથ ભક્ત કહે, "એ પ્રભુનો દાસ હતો. પ્રભુએ એને લઈ લીધો. ભગવાનના ધામમાં જાય એ તો આનંદનો પ્રસંગ છે. એમાં શોક કરવાનો ન હોય."

આવી ઊંચી તેમની સમજણ હતી. શ્રીજીમહારાજ ઘણી વખત તેમનાં વખાણ કરતા અને તેમના જેવા ભક્ત થવાનું સૌને કહેતા.

૨૧. બાળમંડળમાં વર્તણૂંક

શરીર સાચવવા માટે આપણે તેને ખોરાક, પાણી વગેરે આપીએ છીએ. શરીરને સ્વચ્છ રાખવા નાહીએ છીએ. શરીરને તંદુરસ્ત રાખવા કસરત કરીએ છીએ. તેવી જ રીતે મનને સ્વચ્છ રાખવા કાંઇક કરવું જોઇએ. મનને સારા વિચારનો ખોરાક આપવો જોઇએ. મનને પવિત્ર રાખવા માટે આપણે દર અઠવાડિયે બાળમંડળની સભામાં જવું. બાળમંડળમાં જવાથી આપણા વિચારો પવિત્ર થાય. આપણી કુટેવો સુધરે અને આપણે સુખી થઇએ. માટે બાળમંડળમાં જવાનું તો ભૂલવું જ નહિ.

બાળમંડળમાં જઇએ પણ આપણે ત્યાં કેવી રીતે વર્તવું તે સમજવું જોઇએ. મંદિરમાં જઇ પ્રથમ ભગવાનને દંડવત્ કરી પગે લાગવું ને તે પછી સંતોને પગે લાગીને આપણને જ્યાં બેસવાનું કહે ત્યાં બેસવું.

બાળમંડળની સભા વખતે કોઇની મશ્કરી કે ચાળા કરવા નહિ. કેટલાંક બાળકો ચાલુ સભાએ બીજા બાળકો સાથે તોફાન કરે, મશ્કરી કરે, પોતે પણ સભામાં ધ્યાન આપે નહિ ને બીજાને પણ ધ્યાન રાખવા દે નહિ. આપણે બાળમંડળમાં તોફાન કરવા આવતાં નથી, પણ શીખવા આવીએ છીએ. માટે નવું નવું શીખવું, પણ તોફાન કરવું નહિ.

બાળમંડળમાં જે કાંઇ શીખવવામાં આવે, તે શાંતિથી એકચિત્તે સાંભળવું. વાર્તાઓ ને પ્રસંગો યાદ રાખવા ને બીજે અઠવાડિયે લખી લાવવા. પ્રાર્થના ને ધૂન વખતે ભગવાનને તથા ગુરુને યાદ કરવા. સભા વખતે એક-પલાંઠીએ બેસવું. વારેવારે પગ ઊંચા-નીચા કરવા નહિ. બીજા કોઇને કાંઇ પૂછે તો વચ્ચે બોલવું નહિ. આપણને બોલવાનું કહે તો જ બોલવું. જવાબ આપવો તે પણ ખૂબ જ વિવેકથી ને શાંતિથી આપવો.

બાળમંડળમાં રમતગમત વખતે અંદરોઅંદર ઝઘડવું નહિ. આપણે જીતી જઇએ તો બહુ બડાઇ મારવી નહિ ને હારી જઇએ તો રડી પડવું નહિ. આપણાથી નાના ભાઇઓ હોય તેને પ્રેમથી રમાડવા. “મને આ રમત રમાડો તો જ હું રમું,” એમ ન કહેવું. જે કાંઇ રમત રમાડે ને જે કાંઇ કામ સોંપે તે ઉત્સાહથી કરવું. બધો જ વખત રમવાની ઇચ્છા ન રાખવી. બાળ-મંડળમાં આપણે ફક્ત રમવા જ નથી આવતા, પણ શીખવા આવીએ છીએ. માટે રમતમાં જ ધ્યાન ન રાખવું.

બાળમંડળમાં પ્રસાદ આપે તે વખતે હારબંધ શાંતિથી બેસવું. પ્રસાદ પહેલાં ધૂન કરવી. પ્રસાદ ન ભાવતો હોય તોય ફેંકી ન દેવાય. ભગવાનનો પ્રસાદ એ બહુ પવિત્ર વસ્તુ છે. આપણને પ્રસાદ ન ભાવે તો તેને નમન કરી બીજાને આપી દેવો. જોઇએ તેટલો જ પ્રસાદ લેવો.

કેટલાંક બાળકો વધુ પ્રસાદ માગીને પછી પડ્યો મૂકે છે ને બગાડે છે, એ ઠીક નથી. કેટલાંક બાળકો ખાતાં ખાતાં પોતાની આજુબાજુ બહુ વેરે છે, એ પણ સારું ન કહેવાય. પ્રસાદ જમ્યા પછી કાગળ હોય તો તેને કચરા-ટોપલીમાં ફેંકી દેવો. વાસણ હોય તો તેને એક બાજુ મૂકી દેવું.

પ્રસાદ જમ્યા પછી એક સાથે પાણી પીવા દોડી ન જવું. હારબંધ ઊભા રહી પાણી પીવું. પાણી એકબીજાના એઠા પ્યાલામાં ન પીવું. પાણી હંમેશાં ઊંચેથી પીવાની ટેવ પાડવી. સૌ પ્રસાદ લઇ લે પછી ત્યાંથી આપણે જ સાફ કરી નાખવું. આપણું કામ જાતે જ કરવાની ટેવ પાડવી.

આ પ્રમાણે પ્રસાદ લીધા પછી, સૌને ‘જય સ્વામિનારાયણ’ કહી પછી જ ઘરે જવું.

૨૨. વિજાપુરનાં વજીબા

ભગવાનના દૃઢ ભક્ત કેવા હોય તેનું સુંદર દૃષ્ટાંત વજીબા છે. ગમે તેટલા ચમત્કાર દેખાય કે કોઈ શંકા ઊભી કરે પણ એવા ભક્ત ભગવાનની ભક્તિ કે નિષ્ઠામાંથી ડગે જ નહિ. અરે! ભગવાન પોતે પણ તેની પરીક્ષા લે તો પણ તે ભક્ત ચળે નહિ. વિજાપુરનાં વજીબા એવાં ભક્ત હતાં.

વજીબા સથવારા જ્ઞાતિનાં હતાં. સાધુસંતો તરફ તેમને અપાર ભાવ. તેમના ગામમાં જે કોઈ સાધુસંત આવે તો તેને ત્યાં ઉતારે. તેને ભાંગ, ગાંજો, ચલમ જે કાંઈ જોઈએ તે આપે. સાધુ કે બાવા આવું માગે તો પણ તેને અભાવ ન આવે. તેને એવી સમજણ કે સાધુમાં ભગવાન રહ્યા હોય તેથી સાધુનો અભાવ લેવાય જ નહિ.

એક વખત શ્રીજીમહારાજના પરમહંસ રામદાસ સ્વામી વિજાપુર ગયા. વજીબાએ તેમને પોતાને ત્યાં ઉતારો આપ્યો. રામદાસ સ્વામી ત્યાં બાર દિવસ રહ્યા અને તેના ધણીને ખૂબ વાતો કરી, સાચા સાધુ કેવા હોય તે સમજાવ્યું. સ્વામિનારાયણ ભગવાનનો મહિમા ઘણો કહ્યો. વજીબા આ બધું પડદા પાછળ બેસીને સાંભળતાં.

વજીબા અને તેમના પતિ બંને સત્સંગી થયાં. હવે તે બાઈ કોઈ સાધુ, વેરાગી, ચલમ કે બીડી ફૂંકનારા કે ગાંજો પીનારાને ઉતારો ન આપતી. તેમને તો તિરસ્કાર કરીને કાઢી મૂકતી. શ્રીજીમહારાજનાં તો હજી તેણે દર્શન પણ નહોતાં કર્યાં પણ તે પાકી ભક્ત થઈ ગઈ.

તેની ભક્તિની પરીક્ષા કરવા શ્રીજીમહારાજ પોતે પધાર્યા, સાથે બ્રહ્મચારીને લીધા. બાઈ તો મહારાજને ઓળખે નહિ. મહારાજ તેના ગામમાં આવ્યા ને પૂછ્યું, "અહીં ક્યાંય ઉતારો મળશે?"

ગામલોકોએ કહ્યું, "અહીં એક બાઈ ઉતારો આપતી હતી પણ હવે તે સ્વામિનારાયણની ભક્ત થઇ છે ને બગડી ગઈ છે તેથી કોઈ બાવા, વેરાગીને રાખતી નથી."

મહારાજ કહે, "અમે તો તેને ત્યાં જ જઈશું."

મહારાજ ત્યાં ગયા ને કહ્યું, "અમે તીર્થવાસી છીએ. અમને તારે ત્યાં એક રાત રહેવા દે. અમે ઓશરીમાં પડ્યા રહીશું, કાંઇ માગીશું નહિ."

વજીબા તરત જ કહે, "તારા જેવા ઢોંગી, ધુતારા ઘણા આવે છે. ખાવા ન મળ્યું એટલે બાવા થયા. હવે લોકો પાસેથી માગીને ખાઈ ખાઈને શરીર વધાર્યું છે પણ આત્માનું કાંઈ સુધાર્યું? મારે ત્યાં ઉતારો નહિ મળે. તારું કલ્યાણ કરવું હોય તો સ્વામિનારાયણનો આશરો કર."

મહારાજ કહે, "તને કોણે ભરમાવી છે? સ્વામિનારાયણ ક્યાં ભગવાન છે? એ તો પાખંડી છે. કાશી સુધીના શાસ્ત્રી બોલાવીને સાબિત કરી આપું કે સ્વામિનારાયણ ભગવાન નથી. તને ભોળી ને અભણ જાણીને કોઇએ ભરમાવી છે."

વજીબા તો આ સાંભળી જરા પણ ડગ્યાં નહિ, પણ ગુસ્સે થઈને બોલ્યાં, "તું જા, તુંય ખોટો છે ને તારા ગુરુ પણ ખોટા છે. અમે તો માથા સાટે સ્વામિનારાયણને ભજીએ છીએ. જો સ્વામિનારાયણનું વાંકું બોલીશ ને, તો તારો લબાચો બહાર ફેંકી દઈશ."

એટલામાં તેનો પતિ આવ્યો. તેણે પણ મહારાજને દમ માર્યો.

મહારાજ કહે, "હવે નહિ બોલીએ. અમે અહીં એક રાત પડ્યા રહીશું. કાંઇ માગીશું નહિ અને લાકડી મારશો તોય નહિ જઈએ." એમ કહી મહારાજે તો પડાવ નાખ્યો.

વજીબા કહે, “પથારી નહીં આપું, ખાવાનું નહીં આપું અને બીડી કે ચલમ જો પીતા જોઈશને તો તારો લબાચો બહાર ફેંકી દઈશ.”

મહારાજ તો સૂતા પણ ઊંઘ ન આવી. થોડી વાર થઈ ને મહારાજ કહે, “મૈયા, પલંગ આપ.”

વજીબા કહે, “નથી.”

મહારાજ કહે, “બીજા ઓરડામાં રંગીન ઢોલિયો છે તે આપ.”

વજીબાને નવાઈ તો લાગી કે આ બાવો કેમ જાણી ગયો હશે? પણ વિચાર કર્યો કે એવા તો ઘણા હોય, મારે શું? એમ વિચારી પલંગ આપ્યો.

થોડી વાર પછી મહારાજ કહે, “મૈયા, ગોદડું આપ.”

વજીબા કહે, “ઘરમાં ગોદડાં નથી.”

મહારાજ કહે, “ગોદડાંની થોકડી છે. તેમાં વચ્ચે નવું ગોદડું છે તે આપ.” વળી, તેમને આશ્ચર્ય થયું અને તે પણ આપ્યું. મહારાજ સૂતા.

થોડી વારે મહારાજે પગ લાંબા કર્યા. દૂર એક પીપળો હતો ત્યાં સુધી ઠેઠ પગ લાંબા કરીને પીપળે અડાડ્યા. મહારાજના જમણા પગના અંગૂઠામાંથી તેજ નીકળ્યું. વજીબાએ થોડું બારણું ખોલી આ જોયું છતાં તેમનું મન ડગ્યું નહિ. “આવા તો ચમત્કાર દેખાડવાવાળા ઘણા બાવા આવે છે, પણ મારા સ્વામિનારાયણ જેવા નહિ,” એમ વિચાર કરી સૂઈ ગઈ.

મહારાજ તો વહેલા ઊઠીને ચાલી ગયા.

થોડા વખત પછી વજીબા ગઢડા મહારાજનાં દર્શન કરવા ગયાં. મહારાજે તેમને જોયાં કે તરત જ બોલાવ્યાં. મહારાજે પૂછ્યું, “તમારા પીપળે અડ્યાં હતાં તે આ જ ચરણારવિંદ કે બીજાં?”

વજીબા તો જોઈ જ રહ્યાં અને શરમાઈ ગયાં. “મહારાજ! અમે તમને ઓળખ્યા નહિ અને

તિરસ્કાર કર્યો,” એમ કહી માફી માગી.

મહારાજ કહે, “તમે તો મારાં સાચાં ભક્ત છો. અમે તમને ડગાવવા આવ્યા તોય તમે ડગ્યાં નહિ.”

સૌને મહારાજે વજીબાની વાત કરી. સૌ રાજી થયા અને વજીબાનાં વખાણ કરવા લાગ્યા. આપણે પણ એવા દૃઢ ભક્ત થવાનું છે.

૨૩. કીર્તન

ભાવ ધરીને બોલો, જય જય અક્ષરપુરુષોત્તમ,
જય જય અક્ષરપુરુષોત્તમ... ભાવ૦
શાસ્ત્ર સકળનો સાર પરમ એ, બ્રહ્મ અને પરબ્રહ્મ;
જય જય બ્રહ્મ અને પરબ્રહ્મ... જય જય૦
મૂળ અક્ષર એ બ્રહ્મ અનાદિ, ગુણાતીતાનંદ;
જય જય ગુણાતીતાનંદ... જય જય૦
પુરુષોત્તમ પરબ્રહ્મ પરાત્પર, શ્રીહરિ સહજાનંદ;
જય જય શ્રીહરિ સહજાનંદ... જય જય૦
ભગતજી ને યજ્ઞપુરુષમાં,
જ્ઞાનજીવન ને પ્રમુખસ્વામીમાં, વિચરી રહ્યા ભગવંત;
જય જય વિચારી રહ્યા ભગવંત... જય જય૦
સેવા-સમર્પણ, ધર્મ-ભક્તિ ને,
સંપ-સુહૃદભાવ ઐક્ય ધરીને, કરીએ શ્રીજીને પ્રસન્ન;
જય જય કરીએ શ્રીજીને પ્રસન્ન... જય જય૦